# સોરઠ વિશાશ્રીમાળી

SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73

Vol. No. : 52 ❖ Issue : 04 ❖ Pages : 44 ❖ Mumbai ❖ April - 2024 ❖ Price : Rs.8/-





## એપ્રિલ માસના મુખપત્રના "સૌજન્ય દાતા"

## શ્રી કાંતિલાલ નંદલાલ વોરા

શ્રી કાંતિલાલભાઈનો જન્મ ૧૯૨૯ના ઓગસ્ટ માસમાં ધોરાજી મુકામે થયેલ. હાઈસ્કૂલનો અભ્યાસ પૂર્ણ કરી ૧૯૪૪માં કલકત્તા આવ્યા. વ્યવસાયિક જીંદગીની અરૂઆતમાં નોકરી કરી પોતાની આવડત, મહેનત અને નિતીથી આયાત ના વ્યવસાયમાં ખૂબ જ સફળતાને પામ્યા. ૧૯૭૭માં મુંબઈમાં ઓફીસ શરૂ કરી. મુંબઈ ખાતે બંને સુપુત્રો શ્રી મહેશભાઈ તેમજ શ્રી પંકજભાઈએ અથાગ મહેનત દ્વારા વ્યવસાયમાં ખૂબજ ઉંચા શિખરો સર કર્યા.

શ્રી કાંતિભાઈ કે જેમના હૃદયમાં પ્રભુ મહાવીરની અહિંસા, કરૂણા અને જીવદયા કણેકણમાં વણાયેલી છે. તેઓએ પ.પૂ.મહાસતીજી પ્રિતીસુધા મ.સા. અને શ્રમણી વૃંદની પ્રેરણાથી કામાણી જૈનભવન (કલકત્તા)માં જીવદયા માટે માતબર રકમનું દાન કરેલ છે. જે સમગ્ર જૈન સમાજમાં એક ઐતિહાસક યાદગાર પ્રસંગ બની ગયેલ છે. ઉપરાંત ઉવસગ્ગહરં પાર્શ્વનાથાય તીર્થ, ભોજનશાળા, આરોગ્યધામ, લાયન તારાચંદબાપા હોસ્પિટલ, જૈન ક્લિનીક મલાડ, ઘોઘારી જૈન દવાખાનું વગેરે અનેક સંસ્થાઓમાં અવિરત યોગદાન આપતા રહ્યા છે. આ ઉપરાંત સાધર્મિક પ્રત્યેની સહાનુભૂતિ તથા સદાય તેમને સહાયરૂપ થવાની તેમની ઉમદા ભાવના છે. જીવનમાં લક્ષ્મી ઉપાર્જન કરવી અને તેનો સદુપયોગ કરવો એ પુણ્યાનુબંધી પુણ્ય હોય તો જ શક્ય બને. આવા આ પરિવારે શ્રી નંદલાલ ઝવેરચંદ વોરા મેમોરિયલ ટ્રસ્ટ બનાવ્યું છે.

શ્રી કાંતિભાઈએ કલકત્તા સમાજમાં પ્રમુખ તરીકેની સેવા આપેલ છે તથા શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ મુંબઈમાં પ્રમુખ તરીકે સેવા આપેલ છે. જીવનમાં એક મંત્ર છે અને ભાવના છે કે સમાજ પ્રગતિ કરે અને સમાજનો હરેક સભ્ય જીવનમાં સુખી બને, દરેક સભ્યના દુ:ખે દુ:ખી થનાર શ્રી કાંતિભાઈ નિ:સ્વાર્થ ભાવે સેવા કરે છે છતાં ગર્વ નહીં. તેઓ કલકત્તા, મુંબઈ તેમજ ભારતભરમાં દાનવીર તરીકે ખૂબ જ માન પામ્યા છે.

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજે (કલકત્તા) તેમને જૈન સમાજરત્નનો ઈલ્કાબ આપેલ છે. તેમજ વિરદાનેશ્વરીનું બિરૂદ આપેલ છે.

સમાજના કોઈ પણ કાર્ય માટે નવી યોજના દ્વારા ભંડોળ ઉભું કરે છે. આ માટે દાતાઓ તેમજ કમિટીના સભ્યોનો સાથ હતો તે વાતનો તેઓને આનંદ અને ગર્વ છે. તેઓના પુત્ર શ્રી મહેશભાઈ અને શ્રી પંકજભાઈ રામ-લક્ષ્મણની જોડી સમાન છે.

# સત્યમેવ જયતે

જે લોકો ખોટા કાર્યો કરે છે, અનીતિના માર્ગે ચાલે છે, કાવાદાવા, તેમને જીવનમાં કદી સાચું સુખ કે શાંતિ મળતાં નથી ખોટા કાર્યો કરનારના મનમાં એક પ્રકારનો ભય છવાયેલો હોય છે. ભલે કદાચ બહારથી તેઓ સ્વસ્થ દેખાતા હોય, પણ તેમના મનમાં સહેજ પણ સ્વસ્થતા કે શાંતિ હોતાં નથી. કેમકે ભગવાને દરેક મનુષ્યના અંતરમાં એક સૂક્ષ્મ એકસરે મશીન મૂકેલું છે જે તમે કોઇ પણ કાર્ય ક્યાં ભાવ થી કરો છો તે એકએક વસ્તુની નોંધ લેતું રહે છે. અસત્યનું આચરણ કરનારાઓ એમ માને છે કે મારા કુકર્મા ની કોઇને ખબર નથી. બીજા જાણે કે ન જાણે, પરંતુ તેની આંતર-ચેતનામાં તો એ કુકર્માનો સૂક્ષ્મ વીડિયો એના મનના પડદા ઉપર ઝબકે છે, ત્યારે એ વ્યક્તિ ભયભીત અને બેબાકળી બની જાય છે. આ સૂક્ષ્મ વીડિયો એની સુખશાંતિને હરી લે છે. ખોટા કાર્યો કરનારનું સમગ્ર જીવન ભય, અસલામતી અને અશાંતિમાં જ પસાર થાય છે.

જેઓ અસત્યનું આચરણ કરે છે, તેમને કદાચ શરૂઆતમાં સફળતા મળતી દેખાય છે, પણ લાંબે ગાળે કર્મના સિદ્ધાંત પ્રમાણે તેમને તેમનાં ખોટાં કર્મોનું ફળ અવશ્ય ભોગવવું પડે છે. જેઓ જૂઠાણાંનો આશરો લે છે, તેમને વધુ ને વધુ જૂઠાણાંઓનો આશરો લેવો પડે છે. એટલે તેમનાં ખોટા કર્મોનું પ્રમાણ વધતું જ રહે છે. અંતે તો સત્યનો જ જય થાય છે. સત્ય નિષ્ઠાનું શુભ પરિણામ ભલે લાંબે ગાળે આવે, પણ તે જે શાશ્વત શાંતિ અને પરમ સુખ આપે છે, તેની આગળ સત્યપાલન માટે સહેલાં કષ્ટોનું મૂલ્ય ઘણું ઓછું ગણાય, આથી જેમને સાચાં સુખ અને શાંતિની પ્રાપ્તિ કરવી છે, એમણે હંમેશા સત્યનું પાલન કરવું જોઇએ. ગમે તેવી મુશ્કેલી આવે તો પણ 'સત્યમેવ જયતે' એ સૂત્ર અપનાવીને સત્યનો પક્ષ કદી છોડવો ન જોઇએ.

- જયેશ શરદચંદ્ર વસા


**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ**

શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,
૪, દેવકરણ મેન્શન, બિલ્ડીંગ નં.૭, બીજે માળે,
૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.
ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨
સમય : બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)
**E-Mail:** svjainsamajmumbai2@gmail.com
data@svjainsamaj.com www.svjainsamaj.com
તંત્રી : શ્રી રાજેન્દ્ર ઓતમચંદ પુનાતર - મો. ૭૦૨૧૨૦૧૨૮૦



**સમાજની કારોબારી સમિતિ**

શ્રી. કિરીટકુમાર મનુભાલ મહેતા ---------------------- પ્રમુખ
શ્રી. મહેશભાઈ મથુરદાસ સાવડીયા---------------- ત.ભૂ.પ્રમુખ
શ્રી. ધીરેનભાઈ દેવચંદ વસા ---------------------- ઉપપ્રમુખ
શ્રી. આશિષભાઈ વિનોદરાય મહેતા --------------- માનદ્‌મંત્રી
શ્રી. પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી------------ માનદ્‌મંત્રી
શ્રી. યોગેશભાઈ વિનોદ રાય વોરા ------------------ ખજાનચી
શ્રી. રાજેન્દ્રભાઈ ઓતમચંદ પુનાતર ------------- મુખપત્ર તંત્રી
શ્રી. મહેશભાઈ કાંતિલાલ વોરા ---------------------- સભ્ય
શ્રી. કિશોરભાઈ લાલચંદ રામાણી -------------------- સભ્ય
શ્રી. જયંતભાઈ ચુનીલાલ દોશી ---------------------- સભ્ય
શ્રી. સંજયભાઈ ધનસુખલાલ મહેતા ------------------ સભ્ય
શ્રી. કીર્તિભાઈ રસિકલાલ વસા ---------------------- સભ્ય
શ્રી. અતુલભાઈ ધનજીભાઈ વસા---------------------- સભ્ય
શ્રી. જયેશભાઈ શરદચંદ્ર વસા ----------------------- સભ્ય
શ્રી. શૈલેષભાઈ વ્રજલાલ વોરા ----------------------- સભ્ય
શ્રી. જયેશભાઈ ચુનીલાલ વસા-------------------- કો-ઓપ્ટ
શ્રી. મણિશચંદ્ર ચીમનલાલ વોરા------------------- કો-ઓપ્ટ



**Bank Details**
**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**Banker : Bank of Baroda, M.J. Market, Mumbai-400003.**
**S.B.A/C No. 03870100000044**
**IFSC : BARB0BULLIO (fifth digit will be numerical zero),**
**MICR : 400012047**


**NAME : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**Banker :** Union Bank of India
Princess Street, Mumbai - 400002
**S.B.A/C.No.** 319102010054364
**IFSC :** UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે.
**Auditor :** Viren Vasa & Associates
Chartered Accountant, Mumbai

લવાજમ દરો ભારતમાં આજીવન : રૂા.૨૭૦૦/-

મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિન્ટર્સ
૪૦, મહેતા ઈન્ડ. એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં. ૩,
મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪

## તંત્રી સ્થાને થી....



શ્રી રાજેન્દ્રભાઈ પુનાતર
મો. ૭૦૨૧૨૦૧૨૮૦
૯૩૨૩૧૪૧૫૯૫

તાજેતરમાં જ આપણા સમાજે બે સનીષ્ટ કાર્યકર્તા ઓ ગુમાવ્યા એક આપણા સમાજના ભૂતપૂર્વમંત્રી શ્રી મધુરભાઈ મહેતા ઉંમર વર્ષ ૬૩, અને બીજા આપણી હાલની કારોબારી સમિતિના સભ્ય શ્રી કમલભાઈ દોશી ઉંમર વર્ષ ૫૩ આ બંને સભ્યોના અકાળ અવસાનથી આપણા સમાજને ખૂબજ મોટી ખોટ પડી છે.

આ બંને કાર્યકર્તાઓના મૃત્યુમાં એકસામ્ય હતી - હૃદય રોગ. આજ કાલ આપણે વર્તમાન પત્રોમાં કે સોશિયલ મીડિયામાં સમાચાર વાંચીએ છીએ કે હૃદય રોગથી થતા મૃત્યુનું પ્રમાણ ભયજનક રીતે વધી રહ્યું છે. ખાસ કરીને યુવાનોમાં આ રોગ વકરતો જાય છે. નાની વયની વ્યક્તિઓ મોટા પ્રમાણમાં આનો ભોગ બનતી રહી છે. જેમને આ રોગનો કોઇપણ જાતનો પૂર્વ ઇતિહાસ ન હોય તેવી વ્યક્તિઓ પણ આ રોગનો ભોગ બની રહી છે.

અચાનક આ રોગમાં જે રીતે વધારો થઇ રહ્યો છે તે સંશોધનનો વિષય બની રહે છે. આ બાબતમાં અનેક કારણો સામે આવી રહ્યા છે, પરંતુ ખરેખર કયા કારણે આ બની રહ્યું છે તેનું વૈજ્ઞાનિક કારણ હજુ સુધી મળ્યું નથી. તેના મુખ્ય કારણો જે ગણાવાઇ રહ્યા છે તેમાં હાલની તણાવયુક્ત જીવનશૈલી ને ગણી શકાય. ઉપરાંત બજારૂ ખાણીપીણીમાં થઇ રહેલો વધારો-ખાનપાનમાં અનિયમિતતા - આધુનિક જીવનશૈલી વગેરે ગણાવી શકાય.

એક કારણ એવું પણ બતાવાય રહ્યું છે. કે કોરોના કાળ દરમ્યાન લગભગ દરેક વ્યક્તિને વતેઓછે અંશે કોરોનાની અસર થઇ હતી અને તેને કારણે હૃદયરોગનો શિકાર બનતા લોકોની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે. જો કે આ માન્યતાને કોઇ વૈજ્ઞાનિક આધાર મળ્યો નથી. છેલ્લા ઘણા વર્ષોથી આ બાબત ઘણા સંશોધનો થયા છે પરંતુ આ રોગનું સચોટ કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી. તજજ્ઞોમાં પણ આ વિશે અનેક મતમતાંતરો છે અને તેની સારવારમાં પણ પોતાનો અલગ અભિપ્રાય ધરાવતા હોય છે.

હૃદયની કોરોનરી સાંકડી થવાને લીધે થતો હૃદય રોગનો હુમલો ક્ષણ માત્રમાં જીવલેણ બની શકે છે. આ રોગનો ભોગ બનનાર વ્યક્તિ ઘણી વખત બહારથી તંદુરસ્ત અને નિરોગી દેખાતી હોય છે. સામાન્ય રીતે એમ કહેવાય છે કે હૃદયને શુદ્ધ લોહી પહોંચાડતી નળીમાં કોલેસ્ટ્રોલ વધવાથી હૃદયની કાર્ય કરવાની શક્તિ પર અસર પડે છે અને તેને લીધે હૃદયમાં નુકશાન થવાનું કે હૃદય બંધ થવાની શકયતાઓ વધી જાય છે.

આ રોગની સારવારમાં હૃદયને લોહી પહોંચાડતી નળીમાં સ્ટેન્ટ બેસાડવાથી માંડીને બાયપાસ સર્જરી સુધીની ટ્રીટમેન્ટ કરવામાં આવે છે. આ બધી પ્રક્રિયા ખુબજ ખર્ચાળ અને સમય માગી લે તેવી હોય છે. સામાન્ય વર્ગને માટે આ સારવાર પોસાય તેવી હોતી નથી. આ ઉપરાંત આ બંને પ્રક્રિયાઓ બાદ જિંદગીભર દવાઓ ચાલુ રાખવી પડે છે જેને લીધે ખુબ જ મોટો આર્થિક બોજો આવી પડે છે.

ગુજરાતીમાં એક કહેવત છે કે 'ચેતતો નર સદા સુખી' અને અંગ્રેજીમાં કહેવત છે કે 'Precautions is Better than cure' તે પ્રમાણે હૃદયરોગ આપણા દરવાજા પર આવે તે પહેલા તેને અટકાવવા માટે પ્રયત્નશીલ બની જઇએ તો ખૂબ મોટી શારીરિક અને આર્થિક તકલીફોથી બચી શકાય.

પ્રાથમિક ઉપાયોમાં અત્યંત તેલવાળા કે ચરબીવાળા પદાર્થોનો ત્યાગ, બીડી સિગરેટ, તમાકુ, દારૂ જેવા વ્યસનોથી દૂર રહેવું, સાદો ખોરાક અને સાદી જીવનશૈલી થી મહદ્ અંશે આ રોગને કાબૂમાં રાખી શકીએ. આ ઉપરાંત ડો મનુભાઈ કોઠારી એ સુચવેલ ઉપાય (જેની કોઇ આડ અસર નથી) કરવાથી ભવિષ્યમાં આવા ખતરાને ટાળી શકાય.

ઉપાય : ૧૫૦ ગ્રામ થી ૨૦૦ ગ્રામ કાચી દુધીને ખમણીને તેમાં એક થી બે આમળા, થોડી કોથમીર, ફુદીનો, પાલકની ભાજી, તુલસીના પાન તથા જરૂરિયાત પુરતું સિંધાલુણ (Rock Salt) નાખીને તેનો રસ બનાવીને નિયમિત રીતે પીવાથી કોલેસ્ટ્રોલને કાબુમાં રાખી શકાય છે. આ ઉપાય અત્યંત ફાયદાકારક સાબિત થયેલ છે. (આ બાબત વિશેષ જાણકારી માટે આપ મારો સંપર્ક કરી શકો છો.).


સાદો ખોરાક અને નિયમિત જીવન, સ્વસ્થ જીવન માટે અત્યંત જરૂરી છે.

# પંચ મહાવ્રતના પાલનમાં ધર્મ, સંયમ અને સાધુતા: મુક્તિનો આ માર્ગ

## માણસે પ્રથમ પોતાના અંદર રહેલી હિંસાથી બચવું જરૂરી

**◈ મહેન્દ્ર પુનાતર ◈**

જૈન ધર્મમાં પાંચ મહાવ્રતોનું વિશેષ મહત્વ દર્શાવાયું છે. ધર્મનું આ હાર્દ છે. સાધુઓ પંચ મહાવ્રતધારી હોય છે. જે પાંચ મહાવ્રતોનું પાલન કરે છે. તે ગુરૂ થવાને યોગ્ય છે. આ પાંચ મહાવ્રતો છે અહિંસા, અપરિગ્રહ, અચૌર્ય, અક્રમ અને અપ્રમાદ. આમાં કોઇ જીવને તકલીફ ન દેવી, હિંસા કરવી નહીં, જૂઠું બોલવું નહીં, ચોરી કરવી નહીં, બ્રહ્મચર્યનું પાલન કરવું, કોઇ ચીજનો પરિગ્રહ રાખવો નહીં. સાધુઓ માટેની આ આચારસંહિતા છે. શ્રાવકો પણ ઉત્તરો ઉત્તર આ ગુણો વિકસાવીને અને સંસારના બંધનો છોડીને આ કક્ષાએ પહોંચી શકે છે.



જૈન ધર્મ અહિંસાને જેટલું મહત્વ આપ્યું છે એટલું દુનિયાના કોઇ ધર્મે આપ્યું નથી. અહિંસા ધર્મનો પ્રાણ છે. અહિંસાની ભાવના વગર જૈન ધર્મની કલ્પના પણ કરી શકાય નહીં. જૈન ધર્મમાં અહિંસાનો સૂક્ષ્મ સ્વરૂપમાં વિચાર થયો છે. જૈન ધર્મ કહે છે મન, વચન અને કર્મ વડે કોઇનું પણ અહિત થાય એવું વિચારવું નહીં, બોલવું નહીં અને કરવું નહીં. સર્વ જીવો પ્રત્યે પ્રેમ, દયા અને કરુણા રાખવાનો આમાં બોધ છે.

ક્રોધ, માન, માયા અને લોભ આ બધા હિંસાના સૂક્ષ્મ સ્વરૂપો છે. હિંસા સૂક્ષ્મ સ્વરૂપે આપણી અંદર પ્રસરેલી છે. તેનો પણ વિચાર કરવાનો છે. પછી ભલે તે હિંસા ક્રોધના રૂપમાં હોય, લોભના રૂપમાં હોય કે લાલચના રૂપમાં હોય. ક્રોધ એ હિંસાનું પ્રથમ પગથિયું છે. ધૃણા અને તિરસ્કાર હોય ત્યાં પ્રેમ સંભવી શકે નહીં. પ્રેમ અને સ્નેહનો અભાવ છે ત્યાં હિંસા એક યા બીજા સ્વરૂપે પ્રગટ થયા વગર રહેવાની નથી. હું ને તું છે, મારું ને તારું છે ત્યાં સુધી રાગ અને દ્વેષ રહેવાનાં છે. બીજાને આપણા સમજીએ ત્યારે પ્રેમ પ્રગટ થાય છે. બીજાને પોતાના સમજવાની જે ક્ષણો છે તે પ્રેમની ક્ષણો છે. પ્રેમમાં પણ જો આગ્રહ હોય, જીદ હોય, દબાણ હોય, સતામણી હોય તો એ પ્રેમ પણ હિંસાનું સૂક્ષ્મ સ્વરૂપ બની જાય છે.

માણસ મોટે ભાગે પોતાના પર વધુ પડતી હિંસા કરતો હોય છે. પોતાની જાતને જેટલું દુ:ખ આપે છે અને દમન કરે છે એટલું ભાગ્યે જ બીજા કોઇ સાથે કરતો હોય છે. માણસ ક્રોધ કરે, બીજાને હેરાન પરેશાન કરવા ઇચ્છે, બીજાનો પરાજય કરવા અને તેની માનહાનિ કરવાની મનોકામના રાખે, ઇર્ષા અને પૂર્વગ્રહ યુક્ત વલણ રાખે આ બધામાં માણસ પોતાની જાતને વધુ કષ્ટ આપતો હોય છે. અને તાણ અનુભવતો હોય છે. આ આપણી જાત પરની હિંસા છે. આ હિંસા પ્રથમ બંધ થવી જોઇએ. પ્રથમ આપણે આપણી અંદર રહેલી હિંસામાંથી બચવું પડશે. જે માણસ પોતાને સતાવે છે એ બીજાને પણ સતાવી શકે છે.

પરિગ્રહ એટલે આપણી પાસે કેટલી વસ્તુઓ અને સાધનો છે તે નહીં પરંતુ તેનાથી આપણે કેટલા બંધાયેલા છીએ, તેનાથી કેટલા આસક્ત છીએ એ બાબત પર તેનો આધાર છે. પરિગ્રહ એટલે મમત્વ કોઇ પણ ચીજને પોતાની કરવી. બીજા અર્થમાં કહીએ તો પરિગ્રહ એટલે માલિકી ભાવ. કોઇની પર આધીપત્ય રાખવું એ પણ માલિકી ભાવ છે. જે પોતાનો માલિક નથી એ બીજાનો માલિક બનવાનો પ્રયાસ કરશે. અને આપણે એમ જ કરી રહ્યા છીએ. પરિગ્રહ, તૃષ્ણા અને લોભના કારણે માણસ અંદરથી ખાલી છે. એટલે તે બહારની ચીજોથી ખાલીપાને ભરવાનો પ્રયાસ કરતો રહે છે. માણસ જો અંદરથી તૃપ્ત અને ભરેલો હોય તો તેને બહારની કોઇ ચીજ ભરી શકતી નથી. માણસ, ધન, દોલત, પદ અને પ્રતિષ્ઠાથી આ ખાલીપાને ભરવાનો પ્રયાસ કરે છે. પરંતુ અંદર તૃપ્તિ નથી એટલે બહાર સંતોષ નથી. જેટલું મેળવે છે તેટલું ઓછું લાગે છે. અને વધુ મેળવવાની ઝંખના જાગે છે. માણસની પાસે આ બધું ઓછું ત્યારે જીવન પાસે હોય છે. પૈસા અને પ્રતિષ્ઠા વધતી જાય એમ જીવન દૂર થતું જાય છે. જીંદગીના આરે ઊભેલો માણસ વધુ પરિગ્રહી બની જાય છે. અને તે ધન, દોલત, પદ અને પ્રતિષ્ઠાને વધુ જોરથી પકડી રાખે છે. આ પકડના કારણે મૃત્યુ બેચેનીભર્યુ બની જાય છે.

પરિગ્રહની પક્કડ વધુ મજબૂત બને છે ત્યારે તે કેટલીક વખત ચોરીનું સ્વરૂપ પણ ધારણ કરે છે. વધુ મેળવવાની, વધુ પ્રાપ્ત કરવાની ઇચ્છા ખોટું કરવા પ્રેરે છે. માણસ પ્રથમ ગમે તે રીતે અને

ગમે તે માર્ગે ધન એકઠું કરે છે અને પછી મનમાં ભય ઊભો થાય છે, દિલ ડંખે છે ત્યારે પાપના પ્રાયશ્ચિત રૂપે થોડું દાન અને ત્યાગ કરે છે. જે ચીજ આપણી નથી તેને આપણી માનવી એ પણ ચોરી છે. આ મારું છે એવી ભાવના રહેશે ત્યાં સુધી ચોરી અટકવાની નથી. આ જગતમાં કશું આપણે સાથે લાવ્યા નથી અને સાથે લઇ જવાના નથી. બધું એક હાથમાંથી બીજા હાથમાં ફરતું રહે છે. જે નથી તે દેખાડવાનું અને જે છે તે છુપાવવાનો પ્રયાસ પણ એક જાતની ચોરી છે.

કામના ઇચ્છા સર્વ પાપોનું મૂળ છે. વિષય ભોગમાં રત માણસને કશું ભાન રહેતું નથી. જૈન ધર્મમાં સંયમ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. વાસનામાં માણસ ન કરવાનું કરી બેસે છે. વિષય ભોગોને કાબુમાં રાખવા માટે સંયમ અને તપ જરૂરી છે.

પ્રમાદ એટલે બેહોશી અજાગ્રત અવસ્થા. આપણે એક યા બીજી રીતે જે કંઇ કરી રહ્યા છીએ એ અજાગ્રત અવસ્થામાં કરી રહ્યા છીએ. આપણે ખાઇએ છીએ, પીએ છીએ, ઊંઘીએ છીએ, ઉઠીએ છીએ બેસીએ છીએ એમાં મોટે ભાગે મન સ્થિર હોતું નથી. જીવનમાં કેટલીક વસ્તુઓ આડેધડ થતી હોય છે. આપને ક્યારે શું કરીશું તેનો આપણને પોતાને પણ ખ્યાલ આવતો નથી. બેહોશી મોટું બંધન છે. ભગવાન મહાવીરે કહ્યું છે પ્રમાદ ન કરો એનો અર્થ છે પ્રતિક્ષણ જાગૃત રહો.

ભગવાને કહ્યું છે વિવેકથી ચાલો એટલે સમજણપૂર્વક સભાનતા કેળવીને ચાલો. જે કંઇ પણ કરો એમાં સમરસ બની જાવ. બહાર જેટલા છો એટલા અંદર ઉતરો. વૃક્ષ જેટલું અંદર જાય છે તેટલું બહાર ઊંચુ આવે છે અને મજબૂત બને છે. ચેતના અને જાગૃતિ વગર આત્મ સાધના અને આત્મા પર વિજય મેળવી શકાય નહીં. મનુષ્યે અધર્મને છોડવાની જરૂર છે. અધર્મ છૂટી જશે તો ધર્મ એની મેળે આવી જશે. વિચારથી, બોધથી સત્સંગથી અધર્મ છૂટી જાય છે. બહારના પરિવર્તન કરતા ભીતરનું પરિવર્તન થવું જોઇએ. આપણે સૌ બહારથી શોધીએ છીએ ધર્મ અને અંદર અધર્મ રહી જાય છે. મનુષ્ય જેવો છે તેવો દેખાતો નથી. બહાર અહિંસા અંદર હિંસા, બહાર અપરિગ્રહ, અંદર પરિગ્રહ, બહાર અચૌરી અંદર ચોરી આમ બેવડું જીવન આપણે જીવી રહ્યા છીએ. વિચારમાંથી આચાર પ્રગટે એના કરતાં આચારમાંથી વિચાર ઊગી નીકળે તો તેની સુગંધ અનોખી હોય છે. આ અનૈતિક જગતમાં નૈતિક બનવું અને સાથે ખરા અર્થમાં ધર્મનું અનુસરણ કરવું એ માણસની કપરી કસોટી છે.

અહિંસા, સંયમ, ચારિત્ર અને તપ દ્વારા માણસ કામ, ક્રોધ, લોભ, મોહ, માયા, અહંકાર અને આસક્તિ પર વિજય મેળવી શકે છે. આત્મિક વિકાસ વગર ધર્મને પામી શકાય નહીં પંચ મહાવ્રતના પાલનમાં ધર્મ, સંયમ અને સાધુતા છે.

**Bio-Data**



# Tejal Mehta

**D.O.B. – 9th Nov. 1988**

**PERSONAL DETAILS :**

**Birth Place :** Kolkatta • **Birth Time :** 1.05 am
**Height :** 5'4" • **Weight :** 60 kg • **Complexion :** Fair
**Native :** Jamkandorna (Dhoraji, Dist : Rajkot)
**Religion :** Deravasi Jain
**Caste :** Sorath Vishashrimali
**Marrital Status :** Never Married
**Horoscope :** Not Believed
**Education :** MBA (NMIMS) Mumbai,
B.Tech Science Kolkatta
**Profession :** Manager Accenture Strategy, Mumbai, Banglore
**Hobbies :** Reading, Dancing, Travelling, Driving, Movies, Music, Playing Badminton & Squash,Photography , Yoga

**FAMILY DETAILS :**

**Father's Name :** Mahendra Mehta (Businessman) Hardware Tools Business & Share Investment
**Mother's Name :** Pushpa M Mehta (Home Maker)
**Parent Grandparent :** Late Shantilal Mehta
**Maternal Grandparent :** Late Jayantilal Modi
**Sibling Details :** One Younger Brother

**ADDRESS :**

**Permanent Residence :** Om Residency, Chakraberia Road(S), Bhowanipore, Kolkatta – 700025
(4 BHK – Ownership Flat)
**Current Residence :** Mumbai , Banglore
Preferred City - Banglore, Mumbai, Pune, Ahmedabad, Kolkatta and Abroad
**Ambition After Marriage :** She will do her job continue after marriage
**CHOICE:** Post Graduate & who earn 2.5 Lakhs or more per month
**Food Habits :** Regular
**CONTACT DETAILS:** **(Father)** 9681394942
**(Mother)** 9903647216
**Email ID :** mahendramehta2801@gmail.com

॥श्री अजितनाथाय नमः॥

# ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



જન્મ
તા.૨૩-૧૧-૧૯૩૦

સ્વર્ગવાસ
તા.૨૬-૪-૨૦૧૮

વડાલ (સોરઠ) નિવાસી હાલ બોરીવલી

## સ્વ. ભગવાનદાસ દામોદર મહેતા

આપના વિચાર અમારા આદર્શ છે. આપની સ્મૃતિ અમારી મૂડી છે.
આપે ચિંધેલા માર્ગનું અનુકરણ અમારું લક્ષ્ય રહેશે
આપના દિવ્ય આત્માને પ્રભુ શાશ્વત સુખ
અને પરમ શાંતિ બક્ષી મોક્ષગામી બનાવે
તેવી અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ સાથે પ્રાર્થના

સ્વ. લીલાવંતીબેન ભગવાનદાસ મહેતા
કીર્તિભાઈ - સ્વ.ભારતીબેન, ગીરીશભાઈ - હર્ષાબેન તથા
હરીશભાઈ - જાગૃતિબેન મહેતા પરિવાર
ભાવનાબેન - ભરતભાઈ કોરડીયા તથા
માયાબેન - સંજયભાઈ મહેતા પરિવાર
કૃપાબેન - મિતુલકુમાર વોરા તથા
નેહાબેન - બિરજુકુમાર મહેતા
તથા મહેતા પરિવાર

Kayami - April

# ખોટી રાડો પાડીને તું શું સાબિત કરવા માંગે છે ?

- ચિંતનની પળે: કૃષ્ણકાંત ઉનડકટ

એક માણસ નાતમાં સાવો પડે,
એમને એમાંય પણ વાંધો પડે,
ક્યાં મળે છે તપ વગર ફળ કોઈને,
જો રહો તડકે તો પડછાયો પડે!
(સ્નેહલ જોશી)

વાણી અને પાણીને જો કાંઠો ન હોય તો એ વિનાશ સર્જે છે. દરેક વસ્તુની એક મર્યાદા હોય છે. શબ્દોને રેઢા ન મૂકી શકાય. ઘણા લોકો મનમાં આવે એમ બોલતા હોય છે. શબ્દોને જે સમજીને અને સાચવીને વાપરતા નથી એ શબ્દો પર અત્યાચાર કરતા હોય છે. શબ્દોનું સત્ત્વ અને તત્ત્વ તો જ જળવાઈ જો તેને જ્યાં વાપરવાના હોય ત્યાં વાપરવામાં આવે અને જેવી રીતે વાપરવાના હોય એવી જ રીતે વાપરવામાં આવે ! શબ્દોને ખોટી રીતે છેડવા પણ ન જોઈએ અને ખોટી રીતે છંછેડવા પણ ન જોઈએ. એક માણસ બોલવામાં બેફામ હતો. ગમે તેને ગમે તેમ કહી દે. લોકો પણ ધીમે ધીમે તેનું અપમાન કરવા લાગ્યા. એક વખત એક માણસ સંત પાસે ગયો. સંતને તેણે કહ્યું, બધા મારું અપમાન કરે છે. સંતે કહ્યું કે, તું શબ્દોનું અપમાન કરે છે એટલે તારું અપમાન થવાનું જ છે. બોલતી વખતે તું કંઈ ભાન ન રાખે તો તારું અપમાન થવાનું જ છે. તું જો એવું ઈચ્છતો હોય કે, કોઈ તારું અપમાન ન કરે, તો તું શબ્દોનું સન્માન કરતા શીખી જા. શબ્દો બહુ નાજુક હોય છે. શબ્દોને સલુકાઈથી વાપરવા પડે. તું તો શબ્દોની ધાર કાઢીને એને ફેંકે છે. શબ્દોને તીક્ષ્ણ બનાવીને વાપરીએ તો સામેની વ્યક્તિને એ વાગવાના જ છે. આપણે ઘા આપીએ તો ફૂલની અપેક્ષા ન રાખી શકીએ. દુનિયાનો સીધો નિયમ છે, અહીં તો જેવું આપો એવું મળે. તું શબ્દોની ધાર કાઢીશ તો સામેની વ્યક્તિ પણ એ જ રીતે તને પરખાવશે. શાંતિથી વાત કરીશ તો જ શાંતિથી જવાબ મળશે. આપણે કોઈને નમસ્તે કરીએ તો સામેની વ્યક્તિ પણ નમસ્તે કરશે. આપણે જો કોઈને તુચ્છકારીએ તો સામેની વ્યક્તિ ધુત્કારવાની જ છે! તને મારી જરૂર નથી તો મને પણ તારી પરવા નથી.

લોકોને મોટા ભાગે એટલું જ જોઈતું હોય છે કે, આપણે એની સાથે શાંતિથી વાત કરીએ. હાય હલો થાય અને હળવાશથી બે-ચાર વાતો થાય. સમાજમાં જેને આદર મળતો હોય એવી વ્યક્તિ પર નજર કરજો, એને આદર મળવાનાં બેમાંથી એક કારણ હશે. એક તો લોકો એનાથી ડરતા હોય. આને વતાવવા જેવો નથી એવું વિચારીને ઘણા લોકો આદર આપવાનો દેખાડો કરતા હોય છે. બીજા કારણમાં ખરેખર આદર મળતો હોય છે. એ માણસની ઈમેજ જ એવી હોય છે કે, લોકો કંઈ બોલતાં પહેલાં સો વાર વિચાર કરે. આપણો અને આપણા શબ્દોનો પ્રભાવ એવો હોવો જોઈએ કે, સામેની વ્યક્તિએ બોલવા પહેલા એટલો તો વિચાર કરવો જ જોઈએ કે, મારાથી ક્યાંક બોલવામાં કંઈક ભૂલ ન થઈ જાય, કોઈ લોચો ન વળી જાય. ઘણાનાં મોઢે આપણે એવી વાત સાંભળીએ છીએ કે, એ સામે આવેને ત્યારે મારી બોલતી બંધ થઈ જાય છે. મારું મગજ જ કામ નથી કરતું કે, શું બોલવું ?

પ્રભાવને બદલે જો પ્રકોપ હશે તો માણસ તમારી હાજરીમાં સારું બોલશે પણ પાછળથી તમને ગાળો જ દેવાનો છે. મોઢે પણ ત્યાં સુધી જ સારું બોલશે જ્યાં સુધી તેને તમારી જરૂર હશે. જેવું કામ કે સ્વાર્થ પતશે એટલે એ દૂર ચાલ્યો જશે. એમાંયે જો એ શક્તિશાળી બની ગયો હશે તો સામે વેર પણ વાળશે. તારો સમય હતો ત્યારે તેં બહુ દાદાગીરી કરી છે. હવે મારો સમય છે. હવે હું પણ તને દેખાડી દઈશ. દુશ્મની માત્ર મારામારી કરીને જ નથી બતાવાતી, ઘણી વખત બોલીને કે વર્તન કરીને પણ દુશ્મની કાઢવામાં આવતી હોય છે. ઘણાની તો પ્રકૃતિ જ પરપીડનની હોય છે. આપણા સાથે એવું વર્તન કરશે કે આપણાથી એવું બોલાઈ જાય કે, કોણ જાણે એ ક્યા ભવની દુશ્મની કાઢી રહ્યો છે. ! સંબંધ ખૂબ સારા હોય ત્યારે કોઈ એવું નથી બોલતું કે, કોણ જાણે ક્યા ભવની દોસ્તી કાઢી રહ્યો છે. સારા સંબંધોને આપણે ઋણાનુંબંધ કહીએ છીએ. તારી સાથે કોઈ ભવનું લેણું હશે કે તારી સાથે સંબંધ બંધાયો. માથાભારે માણસ સાથે પનારો પડે ત્યારે એવો જ વિચાર આવે કે, કોઈ ભવમાં કંઈક પાપ કર્યા હશે તે આને મળવાનું થયું!

ઉંચા અવાજે બોલવામાં કોઈ બહાદુરી નથી. સાચી ક્ષમતા એમાં જ છે કે, આપણે શાંતિથી બોલીએ અને જે મેસેજ આપવાનો છે એ અપાઈ જાય. વધુ બોલવાની કે ઘાંટા પાડવાની કોઈ જરૂર જ નથી. એક ગ્રુપની આ વાત છે. આ ગ્રુપમાં એક મિત્ર એવો હતો જે પોતાનું ધાર્યું કરવા અને હું જ સાચો છું એ સાબિત કરવા માટે રાડો પાડીને બોલવા લાગતો હતો. ઘણા લોકો આવું કરતા હોય છે. તેની વાતમાં કોઈ ધ્યાન ન આપતું હોય ત્યારે પોતાનું ઈમ્પોર્ટન્સ છતું કરવા માટે એ ઊંચા અવાજે બોલવા લાગતા હોય છે. આવું જ એ મિત્ર કરતા હતો. એક વખતે તેણે રાડારાડી કરી એટલે તેના મિત્રએ કહ્યું કે, રાડો પાડીને આખરે તું શું સાબિત કરવા માંગે છે? તું સાચો છે એ ? તું સાચો હોય તો પછી તારે રાડો પાડવાની કોઈ જરૂર જ નથી. રાડો એ જ પાડે છે જેને પોતાની વાત પર ભરોસો હોતો નથી! આજના સમયમાં લોકો વાતવાતમાં અંગ્રેસનનો મુદ્દો ઉઠાવે છે. ઘણા

લોકો પોતે કામમાં કે ટીમને લીડ કરવામાં એગ્રેસિવ છે એવું સાબિત કરવા માટે ઊંચા અવાજે બોલવા લાગે છે. એગ્રેસન તો એક્શન અને ડિસિઝનથી આવે છે, રાડો પાડવાથી નહીં !

શબ્દોને જ નહીં ઘણા લોકો તો મૌનનો પણ હથિયારની જેમ ઉપયોગ કરે છે. એ મોઢું ફુલાવીને બેસી જશે. અબોલા એ મૌનનું અપમાન છે. મૌન તો સહજ હોવું જોઈએ. વેવલેન્થ જો સારી રીતે મેચ થતી હોય તો મૌનમાં પણ સંવાદ સાધી શકાય છે. હોઠ જરાક ઘણાં કપલસ એવા હોય છે જેમાં એકબીજાને કંઈ કહેવું પડતું નથી. કહ્યા વગર બધું સમજાઈ જાય છે. મલકે અને સ્નેહ રચાઈ જાય છે. કપલ્સ વચ્ચે સંવાદ જરૂરી છે પણ દરેક વખતે એ સંવાદ શબ્દોથી જ થાય એવું જરૂરી નથી. મૌનથી પણ સંવાદ સધાતો હોય છે. ઘણાનું મૌન પણ બોલકું હોય છે. ચહેરાના હાવભાવ અને આંખોના ઉલાળાથી એ પોતાની વાત કહી દેતા હોય છે. બોલવાની જરૂર જ રહેતી નથી. આંખોની ભાષઆમાં પણ સરળતા અને સહજતા હોવી જોઈએ. ઘણાની નજર એવી કરડાકીવાળી હોય છે કે, ડર લાગી જાય! વેધક કે કાતીલ નજર પણ તીક્ષ્ણ હથિયારો જેવું જ કામ કરે છે. આપણી સાથે વાત કરતી વખતે કોઈ જો ડરે તો સાચો સંવાદ થતો જ નથી. સાત્વિક સંવાદ ત્યારે જ રચાય છે જ્યારે બે વ્યક્તિ એકબીજા સાથે વાત કરવા, એકબીજાની વાત સાંભળવા અને એકબીજાની વાત સમજવા તૈયાર હોય. સંવાદનો અભાવ જ સંબંધોમાં ખાઈ પેદા કરે છે. સંબંધ બગડે એટલે શબ્દો અને ટોન બદલવા લાગે છે. ઘણા જે રીતે વાત કરતા હોય છે એ જોઈને એવો જ વિચાર આવી જાય કે, આવી રીતે તે કંઈ વાત કરાતી હશે ? બધાને જો ખબર પડતી હોત કે વાત કેવી રીતે કરાય તો મોટા ભાગની સમસ્યાઓનું સમાધાન મળી જાય. તમે માર્ક કરજો, સમાધાન કરવા માટે ભેગા થયા હોય ત્યારે એકાદ માણસ એવું કંઈ બોલી નાખે છે કે, આખી વાત જ ઊંધા પાટે ચડી જાય! જરાકેય આડી વાત થાય એટલે સામેથી એવો પ્રશ્ન પૂછવામાં આવે છે કે, તમારો કહેવાનો મતલબ શું છે ? મતલબ સમજાવતા ન આવડે તો માથાકૂટ સર્જાઈ જતી હોય છે. આપણે ક્યારેય માર્ક કરીએ છીએ કે, હું જ્યારે બોલું છું. ત્યારે મારો ટોન કેવો હોય છે ? આપણે ક્યારેય આપણી વ્યક્તિને પૂછીએ છીએ કે, હું બરોબર વાત તો કરું છું ને ? માણસના સંબંધો જો વારેવારે દાવ પર લાગતા હોય તો તેણે પોતાના શબ્દો અને પોતાના ટોન પર એક નજર કરી લેવી જોઈએ ! વાત કરતા ન આવડે તો વાતનું વતેસર થઈ જતા વાર નથી લાગતી !

છેલ્લો સીન : પ્રકૃતિનો કોઈ પણ ધ્વનિ જોજો, એ એકદમ મૃદુ અને શાંત છે. વાવાઝોડાં અને તોફાનનો અવાજ સરવાળે વિનાશ જ નોતરે છે. માણસનું વર્તન એની મનોદશાનો જ પડઘો છે. ઝાટકી નાખવાનો ઈરાદો ઝઘડામાં જ પરિવર્તિત થતો હોય છે. ઝાટકવા અને ખંખેરવામાં જડતા અને સહજતા જેટલો ફર્ક છે.

**– સૌજન્ય : સંદેશ**



## Bio-Data

# Rushabh Mehta

**D.O.B. : 14th Nov. 1990**

**PERSONAL DETAILS :**

**Birth Place:** Jamshedpur • **Birth Time:** 9.50 pm

**Height:** 5'7" • **Weight:** 68 kg • **Complexion:** Fair

**Native:** Jamkandorna (Dhoraji, Dist : Rajkot)

**Religion :** Deravasi Jain

**Caste:** Sorath Vishashrimali

**Marrital Status:** Never Married

**Horoscope:** Clear

**Education :** B.Com Honours (BGES)

**Occupation:** Family Business

**Profession :** Business Owner

**Hobbies:** Travelling, Driving, Cricket, Pool, T.V. Movies, Music

**FAMILY DETAILS :**

**Father's Name:** Mahendra Mehta (Businessman) Hardware Tools Business & Share Trading, Investment

**Mother's Name:** Pushpa M Mehta (Home Maker)

**Parent Grandparent:** Late Shantilal Motichand Mehta

**Maternal Grandparent:** Late Jayantilal Girdharlal Modi

**Sibling Details:** One Sister (Mumbai)

**ADDRESS :**

**Our Residence:** Om Residency, Chakraberia Road(S), Bhowanipore, Kolkatta – 700025 (4 BHK – Ownership Flat)

**OUR WISH (ABOUT GIRL)**

Preferred City – Kolkatta and any other Big City of India

**Food Habits:** Regular

**CONTACT DETAILS:**

**(Father)** 9681394942

**(Mother)** 9903647216

**Email ID:** mahendramehta2801@gmail.com

## શ્રદ્ધાંજલિ



## ટવીંકલ સુરેશકુમાર ગારડી

ઘણા લોકો એવા હોય છે જેની યાદ કયારેય ભુલાતી નથી જેની ખાલી પડેલી જગ્યા કોઈ પુરી શકતું નથી.

જીવ્યું તો એને કહેવાય જે પોતાના અસ્તિત્વની અમીપ છાપ છોડી જાય. ટ્વીંકલ અમારા પરિવારની આજ્ઞાંકિત પુત્રી, વહાલસોઈ બહેન, અમારા સહુની સ્મૃતિમાં કાયમ અંકિત રહેશે. તારી અણધારી વિદાય યાદ રાખીને આપણે સહુ પણ તેની જેમ કોઈના મુરજાયેલા ચહેરા ઉપર સ્મીત રેલાવીયે. કોઈના જીવનના આંગણામાં નયનરમ્ય રંગોલી કરી શકીએ. પ્રત્યેક પળ ઉત્સાહ, ઉલ્લાસ, ઉમંગથી વધાવીએ એજ પ્રાર્થના.

**પિતાશ્રી** : સુરેશકુમાર
**માતાશ્રી** : લીલમબેન
**બહેન** : ડીમ્પલ
**ભાઈ** : દીવ્યેશ
**ભાભી** : શેલ્વી
**ભત્રીજા** : નિશાન - શયાન

**તથા પ્રભુલાલ ડાયાલાલ ગારડી પરિવાર અને**
**મોસાળ પોપટલાલ દુર્લભજી દોશી પરિવાર**

Contract 2

# નિમિત

- પ્રવીણભાઈ (વશા (અમદાવાદ)

મહોપનિષદ નો એક શ્લોક || અયમ નિજ: પરો વેતિ ગણના લઘુચેતસામ, ઉદારચરિતાના તું વસુધૈવ કુટુમ્બકમ || મતલબ કે આ મારુ અને તે અન્યનું એવી ગણના અલ્પમતિ વાળાઓની હોય છે. ઉદાર મત વાળાઓને મન આખું વિશ્વ કુટુંબ છે. આ શ્લોકની રચના થઇ ત્યારે ''ત્યકતેન ભુંજીથા'' મતલબ કે ત્યાગીને ભોગવવું જોઇએ એવી ભાવના રહેતી. લોકો સ્વાર્થી ન હતા એટલે પોતે ભોગ ભોગવતા નહીં પરંતુ અન્ય ને માટે ત્યાગ કરી આનંદ લેતા. સમય જતા ''મારુ મારા બાપનું અને તારું મારુ સહીયારૂ'' એવી વિચારસરણી અમલમાં આવી. અત્યારે ''મારુ મારા બાપનું અને તારું પણ મારા બાપનું'' એવી વિચારધારા પ્રવર્તે છે. આથી જ કવિશ્રી કરસનદાસ લુહાર કહેછે કે

''માળો ન બાંધ મારા મન!

માળાના છાંયા ની માયા શું આપણે ?

જ્યાં આપણું છે આખું એ વન!''

સ્વાર્થી મનુષ્યને મન-પક્ષીના માધ્યમથી સ્વાર્થી ન બનવાની અને આખા વિશ્વને પોતાનું ગણવાની એટલે કે વિશ્વ કુટુંબની ભાવના ભાવવાની શીખ આપી છે પરંતુ પૈસાની પાછળ દોડતા માનવને થોભીને આ સાંભળવાનો સમય ક્યાં છે? જો કે આવો માહોલ માત્ર ભારતમાં નથી પણ પુરા વિશ્વમાં છે. નિરાશ થવા ની જરૂર નથી. કમળ કાદવ ની વચ્ચે જ ઉગે છે. આપણી ભૂમી ની સંસ્કૃતિના પાયામાં અધ્યાત્મ અને માનવતાના બીજ રોપાયેલા પડ્યા છે. એટલે કોઇ નિમિત્તમળે એટલે માનવતા અંકુરિત થઇ મહેકી ઉઠે છે અને અધ્યાતમ તેના ઉચ્ચતમ શીખરે હોય છે.

લાંબા સમય પહેલાની આ વાત છે. એક યુવાન ભવિષ્યના સોનેરી સપના જોતો જોતો મદુરાઇ ની સડક પર જઇ રહ્યો હતો. તેના આનંદનો કોઇ પાર ન હતો કારણકે તેને ફોરેન ની એક કંપનીએ તેને હોટલ ના કૂક તરીકે ૬ આંકડાના પગાર સાથેની ઓફર કરી હતી. તે સમયે આ રકમનું ખુબજ મહત્વ હતું. કેમકે ચાર આંકડાનો પગાર મોટો પગાર ગણાતો હતો. યુવાન જ્યારે એક બ્રિજ નીચેથી પસાર થઇ રહ્યો હતો ત્યારે તેણે જોયું કે એક- દુબળો - પોતળો અર્ધ નગ્ન માણસ પોતાની વિષ્ટા ખાઇ રહ્યો હતો. આ જોતાની સાથે આ યુવક ડઘાઇ ગયો. તેણે આંખ ચોળીને ફરી જોયું તો એ ખરેખરમાનવતાને શરમાવે તેવું દ્રશ્ય હતું. માનવતા ને શરમાવે તેવું દ્રશ્ય એટલા માટે કે આ કિસ્સા ને અપવાદ ગણીએ તો પણ એક બાજુ કરોડો લોકોને ખાવા અનાજ મળતું નથી એટલે ભૂખ્યા સુવે છે અથવા એઠું ખાઇ ને કુતરા જેવું જીવન જીવે છે. ત્યારે બીજી બાજુ આપણે ભોજન સમારંભ માં ફરી ફરી લાઇન માં ઉભું રહેવું ન પડે એટલે થાળી ભરીને લઇએ છીએ અને છેવટે ન ભાવતું અને વધારે પડતું લીધેલ અનાજ એઠવાડ માં જવા દઇએ છીએ આ માનવતા સામે નો ગુનો છે. હાં તો આ યુવક ના શરીરમાંથી એક ધ્રુજારી પસાર થઇ ગઇ. તેના રોમે રોમ આ દ્રશ્ય જોઇને રડવા લાગ્યો. તેનું હ્રદય દ્રવી ઉઠયું તે આ દ્રશ્ય જોઇ ન શક્યો. તે નજીકની હોટલમાં જઇ જમવાનું અને પાણી લઇ આવ્યો અને પેલી વ્યક્તિને આપ્યા. આંખમાં આસું સાથે તેણે નોકરી માટેનો એમ્પ્લોયમેન્ટ લેટર ફાડી નાખ્યો અને માનવતા ભર્યા કાર્યોમાં પોતાની જાતને જોડી દીધી. ભૌતિકતા અને હરીફાઇ ના જમાનામાં દરેક વ્યક્તિ યેન કેન પ્રકારેણ અન્યથી આગળ વધવા કે અન્ય નું ખૂંચવી લેવા પ્રયત્ન કરે છે ત્યારે ૬ આંકડા ના પગાર ને માનવતા ખાતર ઠોકર મારવી તે આજના સ્વાર્થ થી ભરેલ જમાનામાં ખુબજ મોટી વાત છે. આવા પ્રસંગો જ્યારે આપણી જાણમાં આવે છે ત્યારે વ્યવહાર બની ગયેલી આપણી અનુમોદનાની ભાવના અસલ સ્વરૂપમાં બહાર આવે છે અને આપણે મનોમન ગાઇ પડીએ છીએ. અનુમોદના, અનુમોદના, અનુમોદના વારંવાર...

પ. પૂ. આ.ભ. શ્રી ભદ્રગુપ્ત મ. સા. લિખિત બુક શાંત સુધારસ પ્રમાણે સ્વતંત્રતા પહેલાની બની ગયેલા વાત છે. સૌરાષ્ટ્રના જોટાણા ગામનો અઠંગ અને ચાલાક ચોર માધો થી જનતા ત્રાસી ગઇ હતી. માધો પાસે પાણીદાર ઘોડી હતી. તે ઘોડી પર બેસી દૂર દૂર ના પ્રદેશમાં ચોરી કરી તે જ રાત ની વહેલી સવારે પરત આવી ઘરના આંગણામાં ખાટલા પર સુઇ જતો. જાણે કે તે ક્યાંય ગયો જ ન હતો. આથી તે ક્યારેય કાયદાની પકડમાં આવ્યો ન હતો. એકવાર સંતોની એક ટોળીએ ગામ બહાર પડાવ નાખ્યો. એક રાતે માધો સંતો ના મહંત ની ઘોડી ચોરવા સંતોના પડાવે ગયો. ઘોડીને ખીલેથી છોડવા જતા ઘોડીએ હણહણાટ કર્યો અને મહંત જાગી બહાર આવ્યા. તેમણે પ્રેમથી માધો ને પોતાની પાસે બોલાવ્યો. માધો ગરીબ ગાય જેવો થઇ મહંત પાસે ગયો. મહંતે કહ્યું તારે ઘોડી જોઇએ છે ને? લઇ જા પણ આમ શા માટે? આ સાંભળી માધો ને આત્મા કકડી ઉઠયો. તેના રોમ રોમ બોલી ઉઠ્યા શામાટે? શા માટે? શા માટે? મહંતે એક શાલીગ્રામ માધો ના મોઢાં માં મુક્યો અને પીઠ પર ધબ્બો મારી રવાના કર્યો. લોખંડને પારસમણિ નો સ્પર્શ થયો હતો. ચોરને મહંત નો સ્પર્શ થયો અને ચોર સંત બની ગયો. માધો ના જીવનમાં જબરદસ્ત પરિવર્તન આવ્યું. તે જીવ્યો ત્યાં સુધી ૧૨ વર્ષ મૌન રહ્યો. લોકો તેનું ઘર લુંટી અને બધું લઇ ગયા. તેના ઘરના બારી બારણાં પણ ઉપાડી ગયા. ન કોઇ પ્રતિકાર કે ન કોઇ વિરોધ. માધો બસ નિસ્પૃહભાવે જોયા કરતો. માધોને ન રાગ હતો, ન દ્વેષ હતો, ન લોભ હતો, ન મોહ હતો, ન રીસ

- અનુસંધાન પાના નં-૧૫

## અગિયારમી પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ
## માતૃદેવો ભવ:



: જન્મ :
૧૬-૨-૧૯૪૬

: સ્વર્ગવાસ :
૧૬-૪-૨૦૧૨

# હંસાબેન ધનસુખલાલ વસા

**મૂળ વતન : વંથલી (સોરઠ) હાલ : વસઈ**

અમારા જીવનજ્યોતિ, અમારા કુટુંબની ઉદ્ધારક,
તું હતી તો ઘર ખરેખર ઘર હતું,
આંગણે એક મીઠું સરોવર હતું. ફાયદો-નુકસાનનો હિસાબ શાનો!
તારું બસ હોવાપણું સરભર હતું.
''તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા, સુગંધ જેની ચૌતરફ મૂકતા ગયા.''
આપના પુણ્યાત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમશાંતિ અર્પે
તેમજ આપના શુભ આશીર્વાદ અમારી સાથે રહે
તેવી અમારી અંત:કરણ પૂર્વકની પ્રાર્થના!!!

સ્વ. ધનસુખલાલ પ્રભુદાસ વસા
રોહિત - અમીત
શ્રી જગજીવનદાસ અભેચંદ ધોળકીયા (માખીયાળા) પરિવાર

એ-૧૦૬, શ્રુતિ સી-૬, દિવાન હાઉસીંગ એન્કલેવ, એવરસાઈન સીટી,
વસઈ (ઈસ્ટ), ૪૦૧૨૦૮. મો.: ૯૨૨૧૨ ૩૨૩૭૦
Email : rohit_vasa@hotmail.com

Kayami - April

# નંગા પેટ કિસી કો નહીં દિખતા, દિખતા હૈ તો બસ નંગા શરીર !

❖ આરતી રમાણી ❖
'એન્જલ' - બેંગ્લોર

ઘરની બહાર નીકળીએતો રોડ સુધી પહોંચતા ઘણાં મંદિરો રસ્તામાં આવતા હોય. એ મંદિરની બહાર ક્યારેક કોઇ ફાટેલું પાથરણું પાથરીને તો ક્યારેક કોઇ ફાટેલા વસ્ત્રોમાં બેઠેલ ભીખ માગતું લાચાર વ્યક્તિ દેખાઇ જ આવે. ક્યારેક આપણે દયા ખાઇને કંઇક આપવા પણ જઇએ એમને તો સૌથી પહેલાં આપણી નજર ક્યાં કેન્દ્રિત થાય છે?

મંદિરની બહાર બેઠેલ વ્યક્તિ હોય કે સિગ્નલ પર ભીખ માગતી લાચાર વ્યક્તિ; જો આપણી ભીતર દયા અને કરુણા જીવતી હોય તો આપણે એને આપણાથી બનતી મદદ કરીએ, ક્યારેક રૂપિયાથી તો ક્યારેક કોઇ ખાવાની વસ્તુથી પણ આપણે જ્યારે એની મદદ કરવા જઇએ ત્યારે આપણી પહેલી નજર જ્યાં કેન્દ્રિત થાય છે એનું ભીખ માંગવાનું પાત્ર કે કરચલીવાળા હાથની ચીરાવાળી હથેળી નથી હોતી અલબત્ત, એના વસ્ત્રો હોય છે! કોઇ પુરુષ ભીખ માંગતો જોવા મળે તો આપણે એના વસ્ત્રો ગમે તેવા ફાટેલા હશે, થીંગડાવાળા હશે એના તરફ ધ્યાન સુદ્ધા નહીં આપીએ, પરંતુ જો કોઇ સ્ત્રી કે બાળકીના કપડા ફાટેલા જોવા મળશે તો તરત પહેલું ધ્યાન ત્યાં જ કેન્દ્રિત કરીશું. કારણ આપણને હંમેશાથી જ સ્ત્રીની લાચારી નથી દેખાતી, દેખાય છે તો બસ એનાં શરીરનો ખુલ્લો દેખાતો ભાગ! જેમ આપણે મોટા મોટા વ્યક્તિઓનાં ઇન્ટરવ્યૂ લઇએ એ રીતે ક્યારેક કોઇ આવી સ્ત્રી દેખાઈ જાય તો હળવેથી એની પાસે જઇને એકવાર પૂછવું કે અહીં આવી, તને ભીખ આપતી વ્યક્તિઓ વિશે તારું શું કહેવું છે? એનો જવાબ સાંભળી આપણાથી ચોંકાઇ જવાશે. એનો એક જ ઉત્તર હશે. ''નંગા પેટ કિસી કો નહીં દિખતા, દિખતા હૈ તો બસ નંગા શરીર!'' કેવી કરૂણતા! જે સ્ત્રી પાસે પોતાનું શરીર ઢાંકવા પૂરા વસ્ત્રો નથી હોતા, એનાં પર ખરાબ દ્રષ્ટિ પડે ત્યારે એ સ્ત્રીને ધરતી ફાટે તો સમાઇ જવાનું મન થઇ જતું હશે. એ સ્ત્રીનાં પેટમાં એટલી ભૂખ હોય છે કે આપણાથી મળતી મદદથી એ પેટનો ખાડો પૂરે કે પછી પોતાનાં પરિવારને ખવડાવે? આપણી મેલીઘેલી નજર એનાં પર પડતી રોકે કે ઝૂંપડાંની તૂટેલી છત બનાવે?

આપણને ઘણીવાર શેરીમાં કોઇ દિમાગ પર કાબૂ ગુમાવેલ વ્યક્તિ જોવા મળતી હશે. જો પુરુષ આ રીતે પાગલ બની રખડતો હોય તો એનાથી બધી સ્ત્રીઓ દૂર રહેવાનું પસંદ કરે, કેમ કે દિમાગ નાદાન હોય છે, શરીર નહીં વળી જો કોઇ સ્ત્રી આ રીતે ભટકતી જોવા મળે તો લુચ્ચા તત્વો રાહ જ જોતા હોય, લાભ મળે કે રમી લો રમકડાથી! આમ પણ એ તો દિમાગી મરીઝ હોય, કોને શું કહેવાની અને કહેશે તો કોણ એનું માનવાનું? આ સ્ત્રીઓને વસ્ત્રો પણ સરખા પહેરવાનું ભાન નથી હોતું ત્યારે આવા લુચ્ચા તત્વો એના પર ખરાબ દ્રષ્ટિ નાખવાથી પાછા નથી વળતા મતલબ, જો પુરુષ દિમાગથી કમજોર હોય તો પણ સ્ત્રીને તકલીફ અને જો સ્ત્રી દિમાગથી કમજોર હોય તો પણ સ્ત્રીને જ તકલીફ! સમાજમાં ઘણીવાર આવી સ્ત્રીઓનાં ગર્ભવતી થવાના સમાચાર ચકચાર મચાવી દેતા હોય છે ત્યારે આપણી ભીતરની માનવતા ખરેખર શરમથી ડૂબી મરે છે. ક્યાંકને ક્યાંક આપણે જ આ બાબત માટે જવાબદાર છીએ દીકરીઓને સમજાવીએ છીએ કે કેમ બેસવું, ચાલવું રહેવું, પરંતુ દીકરાઓને? દીકરાઓને એક વાત માટે પણ આપણે ટોકતા નથી. જો ટોકતા હોય તો આવી લાચાર સ્ત્રીઓની મજબૂરીનો ફાયદો ઉપાડતા પહેલા એનો આત્મા પણ જરૂરથી કાંપે.


ઘણીવાર ફક્ત અનાજ જ પૂરતું નથી હોતું કોઇની મદદ કરવા માટે, વસ્ત્રો પણ એટલા જ જરૂરી બની રહે છે. આપણી પાસે તો કબાટ ઠસોઠસ કપડાંથી ભરાયેલો પડ્યો રહેતો હોય અને એમાંથી ઘણાં કપડાં તો સામેથી આવીને કહેવા લાગે કે ''ક્યારેક તો મને પહેર, મારો પણ વારો લે''. વળી જો સહેજ પણ ખાંપો આવ્યો હોય તો એ વસ્ત્રોને રફૂ કરાવી, જરૂરી સિલાઇ કરાવી અને એવા લોકોને આપવા જોઇએ જેને ખરેખર જરૂરિયાત છે, વસ્ત્રોની કદર છે. આ માટે ઘણી સંસ્થાઓ હંમેશા હાજર રહે છે બસ ફોન કરો કે આપણાં ઘરે આવીને વસ્ત્રો લઇ જાય અથવા કુરીયર કરી દો તો એના ઘર આંગણે એ વસ્ત્રો પહોંચી જાય પછી એ સંસ્થા એવા લોકોની મદદ કરે છે જેના શરીર પર ફાટેલા વસ્ત્રોને કારણે ફાટેલી આંખોથી નીકળતી ખરાબ નજર પડતી હોય. ઘણીવાર બોલવાવાળા તો એમ પણ બોલે કે ભીખ વધારે મળે, બધાની સાહનુભૂતિ વધારે મળે એ માટે સ્ત્રીઓ આવા કપડાં પહેરીને ભીખ માંગવા બેસતી હોય. અરે! માચીસનો તણખો કોને પોતાનાં શરીર પર પડે એ ગમે વળી જો કોઇ દયાભાવથી વસ્ત્રો આપી પણ દે તો એવા ભરચક વસ્ત્રો આપે કે એ વસ્ત્રો પહેરીને એ કેવી રીતે હાથ લાંબો કરવા બેસે? આ તો એવું થાય, ભરેલા તારલાથી ટમટમતું આકાશ ચાંદ પાસેથી થોડો ઝગારો ઉછીનો માંગે.

પહેલી વાત: એમને મદદ કરવી જ હોય તો સાચી ભાવનાથી કરો કે જેને લીધે એ વસ્તુનો ઉપયોગ ખરી રીતે કરી શકે. થોડા સાદાં વસ્ત્રો હોય તો કમસેકમ એ પહેરી તો શકે.

બીજી વાત: પોલુ લાગે એને સૌ વગાડે!

આપણી દ્રષ્ટિ પણ એવી જ સ્ત્રીઓ પર પડતી હોય છે જે લાચાર

- અનુસંધાન પાના નં-૧૫



## સ્વ. શ્રી હરસુખલાલ અંદરજી કોરડીયા

**સ્વર્ગવાસ : તા.૧૦-૦૪-૨૦૨૦**

ભક્તિ તમે કરી, પુણ્ય સૌને મળ્યા
કર્મ તમે કર્યા, ફળ સૌને આપ્યા
સંઘર્ષ તમે કર્યો, સુખ સૌને આપ્યુ

આપવું એજ તમારો જીવન મંત્ર હતો
લઈ શું ગયા તમે આપી ગયા અમને સૌને

તમારા આર્શીવાદથી પરિવાર સુખી-સમૃધ્ધ થયો
મન હજું માનતું નથી કે તમો અમારી વચ્ચે હયાત નથી
હૃદયની લાગણી કહે છે તમો તો અમારી આસપાસ છો

આવા ઉત્તમ આત્માને પ્રભુ શાંતી અર્પે
આપની ખોટ અમોને સદાય રહેશે.

## સ્વ.કંચનબેન હરસુખલાલ અંદરજી કોરડીયા

**પુત્ર-પુત્રવધુ** : રાજેશ - ડોલી　　હિતેન - રીટા　　રોહિત - મીના
**પુત્રી** : નીલા ચંદ્રેશ શાહ
**પૌત્ર-પૌત્રી** : રીષભ - પ્રિયા　　જય　　જીનલ - હિલોની
ધૈર્ય - મૈત્રી　　આર્ચી
**દોહિત્ર-દોહિત્રી** : જીનાલી - હાર્દિક શાહ　　પીહુ　　રાહુલ

**લી. : અંદરજી પાનાચંદ કોરડીયા પરિવાર**

Kayami/April

# “આશીર્વાદ”

- ભરત અંજારિયા

આપણે ત્યાં ધાર્મિક, સામાજિક અને સાંસારિક બાબતોમાં આશીર્વાદનું અનેકગણું મહત્વ છે. આશીર્વાદ અંતરની ઊર્મિઓ અને લાગણીઓનું પ્રતીક છે. આશીર્વાદ આપતી વખતે જુદ જુદ સમયે, જુદી જુદી વ્યક્તિઓ તરફથી વિવિધ પ્રકારના આશીર્વાદ આકાર લેતા હોય છે. દૃષ્ટાંત તરીકે જોઇએ તો અખંડ સૌભાગ્યવતી ભવ, અષ્ટપુત્રા ભવ, પુત્રવતી ભવ, દૂધો ન્હાઓ પુતો ફળો, દીર્ઘાયુ ભવ, શતં જીવ: શરદ: વગેરે મુખ્ય છે. આજના સંદર્ભમાં પ્રેમવતી ભવ કે આરોગ્યવતી ભવ જેવા આશીર્વાદ આપવાનો સમય આવી ગયો છે.

સામાજિક તથા વિવિધ ધાર્મિક વિધિઓ જેવી કે યજ્ઞ, જનોઇ, લગ્ન, વાસ્તુ, સગાઇ જેવા પ્રસંગોએ વડીલો કે માતાપિતા જુદ જુદ આશીર્વાદ આપતા જોવા મળે છે. શ્રાદ્ધ, તર્પણ કે વરસી જેવી વિધિ બાદ સ્વર્ગસ્થ પિતૃઓના આશીર્વાદ લેવામાં આવે છે. વિવિધ શુભ કાર્યો શરૂ કરતાં પહેલા પણ આશીર્વાદ લેવાની પરંપરા રહી છે. રક્ષાબંધન સમયે બહેન ભલે નાની હોય તો પણ માથે ભાઇને શુભ આશિષ આપે છે. આ જ રીતે શ્વસુર પક્ષ વહુ કે જમાઇને આશીર્વાદ આપતા હોય છે. લગ્ન સમયે મંડપમાં નવયુગલને પુષ્પવૃષ્ટિથી સ્નેહીજનો શુભેચ્છા સાથે મંગલ આશીર્વાદ પણ આપે છે.

આશીર્વાદ અંતરની લાગણીઓનો પડઘો છે. દિલમાંથી નીકળેલી દુવા અવશ્ય લાભદાયી નીવડે છે. આશીર્વાદ આપનાર પણ સંતોષ સાથે આનંદની લાગણી અનુભવે છે યજ્ઞકાર્યની પૂર્ણાહુતિ સમયે બ્રાહ્મણ પણ યજમાનને આશિષ આપતા હોય છે. આપણે ત્યાં લોકો મકાન કે ઘરના નામમાં પણ આશિષ શબ્દ લખાવે છે જેમ કે રામ આશિષ, માતૃ આશિષ, પિતૃ આશિષ વગેરે આશીર્વાદ આપતી વખતે બ્રાહ્મણો કળશમાં પવિત્ર જળ ભરીને આસોપાલવનાં પાનથી યજમાન પર જળનો છંટકાવ કરતાં કરતાં આશીર્વચનો બોલતા હોય છે.

આશિષ અને દુવા એ આશીર્વાદનાં અન્ય નામ છે. ઘણા કહે છે કે દવા કરતાં દુવા વધારે કામ કરે છે.

આશીર્વાદમાં અનેક પ્રકારનું વૈવિધ્ય જોવા મળે છે. સદા વંશની વૃદ્ધિ થાઓ, શતસંવત્સર આયુષ્ય મળે, ધન ધાન્ય સાથે આરોગ્યની પ્રાપ્તિ થાય, પશુ-બહુ-પુત્રનો લાભ થાય, પુત્રપ્રાપ્તિ થાય નોકરીમાં બઢતી મળે ઇત્યાદિ પણ આશીર્વચનોના પ્રકાર છે.

આશીર્વાદમાં અરૂણોદય અનંતની નજીક લઇ જાય છે. આશીર્વાદની અલમારીમાં અમૂલ્ય અલંકારોનો ખજાનો ભરેલો પડ્યો છે. આશીર્વાદ દીર્ઘજીવી હોય છે. તે કદી અલ્પજીવી હોતા નથી. આશીર્વાદમાં અંજામ હંમેશા સારો આવે છે. વાણી જ બ્રહ્મ છે. મધુર વાણીથી બોલેલા વચનો કે અપાયેલ આશીર્વાદ અમૃત સમાન હોય છે. દેવો પણ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ પૃથ્વી પર કરીને આશીર્વાદ આપતા હોય છે. અંતરના આશિષ અંદરથી નીકળેલા હોવાથી અવશ્ય ફળીભૂત થાય છે. ભદ્રં કર્ણેભિ: શ્રૃણુયામ દેવા ભદ્રં પશ્યેમાક્ષભિર્યજત્રા: ।। આ જગતમાં આ જગતમાં સહુ સુખી રહે, નિરોગી રહે દીર્ઘાયુ રહે અને શુભ પ્રવૃત્તિમાં રસ રહે તેવી અંતરની અભિલાષા છે. આશીર્વાદના અમૃતનું રસ પાન જીવનને ધન્ય બનાવશે.

- અનુસંધાન પાના નં-૧૧ પરથી

## નિમિત્ત...

હતી, ન રોષ હતો, ન ઉત્પાત હતો, ન અજંપો હતો. તે તદ્દન શાંત હતો. તે તો અલગારી દુનિયા માં વિહરતો હતો. તેને તો નિમિત્ત મળતા ચિનગારી લાગી હતી. જબરદસ્ત પરિવર્તન આવ્યું હતું.

જ્યારે નિમિત્ત મળે અને પાત્રતા હોય તો... તો એક ઝટકો લાગે છે અને અજ્ઞાનનો નાશ થઇ જાય છે. એક આંચકો લાગે છે અને પાપ કર્મો પ્રાયશ્ચિત ની આગમાં બળીને ભસ્મ થઇ જાય છે. જ્ઞાનનો ચમકારો થાય છે અને અંતરનો ઓરડો જ્ઞાનની જ્યોત થી ઝળહળી ઊઠે છે. શ્રદ્ધાનો અદ્રશ્ય ધક્કો લાગે છે અને ભવસાગર તરી જવાય છે. ભગવાનને પ્રાર્થના કરીએ કે આપણને પણ ભવાંતરે કોઇ નિમિત્ત મળે અને એવું પરિવર્તન આવે કે ભવ સાગર તરી જઇએ.

- અનુસંધાન પાના નં-૧૩ પરથી

## નંગા પેટ...

હોય, કંઇ વળતો જવાબ આપવા સક્ષમ ના હોય. મોડર્ન દેખાતી પૈસાદાર સ્ત્રીનાં કપડા પર જો કદી ટિપ્પણી કરવા જઇએ તો સટાક કરતી આપણાં ગાલ પર એક ચોંટી જાય. વગર મેકઅપે ગાલ પર લાલી છવાઇ જાય. આપણે ફેશનનો કે પૈસાનો વિરોધ નથી કરવો બસ અહીં આપણી માનસિકતાનું ખરું વર્ણન કરવુ છે માટે મદદ સદા મદદની રીતે કરવી ઉપકારની રીતે નહીં તો જ ખરા અર્થમાં એ મદદ કહેવાશે નહીં તો કાંકરીચાળો જ કર્યો ગણાશે.

જે પોલુ લાગે આવીને એને સૌ વગાડે,
કદી જઇ કોઇ તોપને મોઢું અડાડે?
દ્રષ્ટિ આપણી ને દોષ કાઢવો બીજાનો!
તૂટેલા આભમાં કોઇ થીગડું લગાડે?

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મહિલા મંડળ - બોરીવલી

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મહિલા મંડળ બોરીવલી નો વાર્ષિક કાર્યક્રમ તા.૧૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ આયોજિત કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૪ને આવકાર આપવા ગેમ, ડી જે વિથ ફન પાર્ટી નો આઉટડોર પ્રોગ્રામ બોરીવલી ખાતે એસ.કે. રિસોર્ટ માં આવેલા બોક્સ ઝોન ખાતે રાખવામાં આવ્યો હતો.



બપોરે ચાર વાગ્યે બહેનો વેસ્ટર્ન લુકમાં તૈયાર થઈને નવી સાજસજ્જા સાથે અલગ જ મૂડમાં મજા કરવા તૈયાર હતી. નવા વર્ષને આવકાર આપતા, નવા આઉટડોર માહોલને માણતા રમતગમત માં ભાગ લેવાના ઉત્સાહ સાથે સૌ ટાઇમસર આવી ગયા.

સૌ પ્રથમ મેમ્બર બહેનોનું સ્વાગત કરી કમિટિની બહેનો ઉમળકાભેર હાઉસી રમાડવા માટે તૈયાર હતી. હાઉસી રમ્યા બાદ દિપ્તીબેન માઝની તથા હેમાલીબેન રામાણીએ સૌને નવી નવી



રમતો રમાડી જેમાં હાસ્ય સાથે રમવાનો અનેરો ઉત્સાહ આવ્યો.

જ્યારે ડી.જે સાથે સંગીત સાંભળ્યું તો બહેનો ગરબા રમવા આગળ આવી જેમાં કેટલો સમય પસાર થયો તે ધ્યાન ન રહ્યું પણ જાણે પીકનીકની મજા પણ સાથે જ માણી લીધી એવો અનુભવ થયો.

બહેનોએ જે ઉત્સાહભેર કાર્યક્રમમાં ભાગ લીધો તેથી કાર્યક્રમને આયોજન કરવાનો સંતોષ તુલાબેન તથા કમિટીની બહેનોના ચહેરા પર જણાતો હતો. બહેનોએ આગળ વધીને સારા-નરસા પ્રસંગે મંડળને યાદ રાખી ભેટ લખાવી.



સેક્રેટરી ફાલ્ગુનીબેને નવાવર્ષની મેમ્બરશીપની ઘોષણા કરી. પ્રમુખ શ્રીમતી તુલાબેને નવાવર્ષના આગામી પ્રોગ્રામની માહિતી આપતા નવાવર્ષનો પહેલો પ્રોગ્રામ-કપલ ડ્રામા જે તા.૨૯ જાન્યુઆરી ના રોજ રાખવામાં આવેલ છે તેની ઘોષણા કરી.

બહેનોએ બોક્સ ઝોનમાં આવેલા અલગ અલગ સેલ્ફી પોઇન્ટ




પર જઇ ફોટા પાડી આ યાદગાર પળોને સાચવીને સાથે લીધી પછી પ્રીતીભોજનને ન્યાય આપી કાર્યક્રમની પુર્ણાહુતી તરફ આગળ વધ્યા. ઠંડક અને હળવું વાતાવરણ છોડીને કોઇને જવાનું મન નહોતું થતું અને આનંદ સાથે સૌ આવનાર બીજા પ્રોગ્રામ માં મળવાના વાયદા સાથે છુટ્ટા પડ્યા.

-પ્રમુખ : તુલાબેન મહેતા

- ઉપપ્રમુખ : દીપ્તીબેન માઝની

- સેક્રેટરી : ફાલ્ગુનીબેન મહેતા / કવિતાબેન મહેતા

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ – મુંબઈ

### કાયમી સમૂહ લગ્નોત્સવ યોજના શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા પ્રેરિત

ચાલુ વર્ષે વિક્રમ સંવંતઃ ૨૦૮૦ મહા સુદ ૯ તા.૨૮/૦૨/૨૦૨૪ રવિવારના રોજ નક્કી કરવામા આવેલ હતા, તેની ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૫/૦૧/૨૦૨૪ હતી. એક યુગલ લગ્નોત્સુક હતું. આપણા સમાજના ધારાધોરણ પ્રમાણે એકથી વધુ લગ્ન હોય તો જ સમુહ લગ્નનું આયોજન કરવામાં આવે છે.

આ વર્ષે દાતા પરિવારની પ્રેરણાથી આ બન્ને ઉમેદવારને શ્રી સો.વિ. જૈન સમાજ ટ્રસ્ટ મુંબઈ શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા સમુહ લગ્ન યોજના કાયમી ફંડમાંથી રૂપિયા ૨૫૦૦૦/– તથા શ્રી તારાચંદ ધનજીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી રૂપિયા ૨૫૦૦૦/– એમ બન્ને મળીને કુલ રૂપિયા ૫૦૦૦૦/– લગ્ન નિમિત્તે સહાયક રકમ આપેલ છે. તદ ઉપરાંત સ્વ. હંસાબેન મહેન્દ્રભાઈ કોરડીયા પરીવાર અંધેરી તરફથી રૂપિયા ૧૧૦૦૦/– સમુહ લગ્ન ઇચ્છુક બંન્નેને આપવામાં આવેલ છે આ તકે શ્રી સો.વિ.જૈન સમાજ મુંબઈ દાતાશ્રી પરીવારનો ખુબ ખુબ આભાર માને છે.

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ – મુંબઈ
કાર્યવાહક કમિટી
તા.૧૫–૦૩–૨૦૨૪


॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

**ગાય અને ભેંસનું શુદ્ધ ઘી**



**સ્વાદ લિજ્જતદાર - સુગંધ ખુશ્બુદાર**
**એક વાર ખાશો તો માંગશો વારંવાર**

વિરમગામના પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું
શુદ્ધ ઘી હવે મળશે મુંબઈમાં તમારા ઘર આંગણે

**એક કિલો, પાંચ કિલો અને પંદર કિલોમાં ઉપલબ્ધ**




**હોલસેલ અને રિટેલમાં ઉપલબ્ધ**

**કૃણાલઃ ૭૨ - ૨૧૦૭ - ૨૧૦૭**

## દશમી વાર્ષિક પુણ્યતિથીએ ભાવભીની શ્રદ્ધાંજલિ - સ્મરણાંજલિ



# સ્વ. ભારતીબેન કીર્તિભાઈ મહેતા

**સ્વર્ગારોહણ : તા.૨૧-૪-૨૦૧૪ - (વડાલ, હાલ - બોરીવલી)**

**સમય જીંદગીનો ઓછો હશે....ક્યાં ખબર હતી;**
**વિદાય તમારી અણધારી થશે ક્યાં ખબર હતી**
**વિદાય પણ એવી કે વીસરાય નહીં...જ્યાં કુદરત રૂઠી...કોને ફરિયાદ કરવી...??**
**નાનીશી જિંદગી હતી પણ મોટી માયા લગાડી ગયા; થોડા, સમયમાં ઘણું આપી ગયા...**
**આપની અણધારી વિદાયને મહેતા પરિવાર અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ આપે છે,**
**અંજલિ આપતા હૈયું ફાટે છે, શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે...**
**પરમાત્મા આપના દિવ્ય આત્માને શ્રી સીમંધર સ્વામીનું શરણ આપે એજ પ્રાર્થના...**

સ્વ. શ્રી ભગવાનદાસ દામોદર મહેતા
સ્વ. લીલાવંતીબેન ભગવાનદાસ મહેતા
કીર્તિભાઈ – દેવાંગ – કિંજલ – પ્રીશા – અનિકા
કૃપાબેન – મિતુલકુમાર – સિધ્ધ વોરા
ગીરીશભાઈ – હર્ષાબેન
હરિશભાઈ – જાગૃતિબેન
ભાવનાબેન – ભરતભાઈ
માયાબેન – સંજયભાઈ

-: મહેતા પરિવાર :-

Kayami - April

# સ્વામી વિવેકાનંદના જીવનના અમુક ખાસ પ્રસંગો

નરેન્દ્રનાથ દત્ત ઉર્ફે સ્વામી વિવેકાનંદનો જન્મ ૧૨ જાન્યુઆરી, ૧૮૬૩ ના રોજ કલકત્તા મુકામે વિશ્વનાથ દત્ત અને ભુવનેશ્વરી દેવીના ઘરે થયો હતો. ૪ જુલાઇ ૧૯૦૨ના રોજ બેલુર મઠમાં તેમનું અવસાન થયું તેમણે ક્રાંતિ લાવી હતી જેનો આજે પણ વિશ્વભરમાં પડઘો સંભળાય છે. તેમના ગુરુના સંદેશ વાહક તરીકે તેઓ એક સદીથી પણ વધારે સમયથી યુવાનો માટે પ્રેરણા રૂપ રહ્યા છે.



મિત્રો, સ્વામી વિવેકાનંદ ના જીવન ના અમુક પ્રસંગોની વાત આજે આપણે કરીશું જે આપણે ઘણી ઓછી વાર સાંભળી હશે.

પ્રસંગ-૧

૧) ધર્મ નજીક કેવળ તેઓ જ રહી શકે છે જે દુ:ખ પોતાના માટે રાખે છે અને સુખ અને સુરક્ષા અન્યને આપે છે.

વિવેકાનંદ હિન્દુસ્તાનથી અમેરિકા જતા હતા. રામકૃષ્ણ પરમહંસનાં પત્ની શારદા માના આશીર્વાદ લેવા ગયા. એ સમયે રામકૃષ્ણ પરમહંસ અવસાન પામ્યા હતા. શારદા મા રસોડામાં કામ કરી રહ્યાં હતા.

વિવેકાનંદજીએ આવીને કહ્યું, 'મા મને આશીર્વાદ આપો હું અમેરિકા જઉં છું.'

શારદા માએ પૂછ્યું, 'અમેરિકા જઇને શું કરશો ?'

'હું હિંદુ ધર્મનો સંદેશ પ્રસરાવીશ'

શારદા મા એ કોઇ પ્રતિભાવ ન આપ્યો. ચૂપ રહ્યા. થોડી પળ પછી પોતાનું કામ કરતાં કરતાં બોલ્યા, 'પેલી શાક સુધારવાની છરી મને આપશો ?'

વિવેકાનંદજી છરી ઉપાડીને શારદા માને આપી. શારદા માએ છરી આપતા વિવેકાનંદજીના હાથ પર એક નજર કરી. પછી વિવેકાનંદજીના હાથમાંથી છરી લેતાં બોલ્યા, જાઓ, મારા આશીર્વાદ છે તમને હવે વિવેકાનંદજીથી ન રહેવાયું.

મા છરી ઉપાડવાને અને આશીર્વાદ આપવાને શો સંબંધ છે ?

શારદા માએ કહ્યું, હું જોતી હતી કે તમે છરી કેવી રીતે ઉપાડીને મને આપો છો. સામાન્ય રીતે કોઇ છરી ઉપાડીને આપે ત્યારે હાથો તેના હાથમાં રાખે છે પણ તમે છરી ઉપાડીને આપી ત્યારે હાથો મારી તરફ અને ધાર તમારા તરફ રાખીને છરી મને આપી. મને ખાતરી છે કે તમે ધર્મનો સંદેશ સફળતાપૂર્વક લોકો સુધી પહોંચાડશો. કારણકે ધર્મ કે પરમાત્મા નજીક કેવળ તેઓ જ રહી શકે છે જે દુ:ખ પોતાના માટે રાખે છે અને સુખ અને સુરક્ષા અન્યને આપે છે. જેમ તમે ધાર તમારી તરફ રાખી અને હાથો મને આપ્યો.

૨) દરેક માણસ સામા માણસની પરીક્ષા પોતાની બુદ્ધિ અનુસાર કરતો હોય છે.

એક વખત સ્વામી વિવેકાનંદ મુંબઈ-પુના રેલ્વે માં પ્રથમ વર્ગમાં મુસાફરી કરી રહ્યાં હતાં. એ વખતે ડબ્બામાં હાજર રહેલ એક અંગ્રેજ વિવેકાનંદ સાંભળે તેમ બોલતો હતો. હવે તો બાવાઓ પણ પ્રથમ વર્ગમાં મુસાફરી કરે છે, વગેરે વગેરે.

વચ્ચે લોનાવાલા સ્ટેશન આવતાં વિવેકાનંદે મળવા આવનાર એક ગૃહસ્થ સાથે પ્રભાવશાળી રીતે અંગ્રેજીમાં વાત કરતાં જોઇને પેલાં મુસાફરની આંખો ઉઘડી અને તેણે વિવેકાનંદની માફી માંગી. તેમણે કહ્યું, મને ખોટું લાગ્યું નથી, કેમ કે દરેક માણસ સામા માણસની પરીક્ષા પોતાની બુદ્ધિ અનુસાર કરતો હોય છે.

૩) મરદ થાજે...

નરેન્દ્રનાથમાં નેતૃત્વ જન્મજાત હતું અને નેતૃત્વ એટલે ત્યાગ. એ છ વર્ષના હતા ત્યારે એક દિવસ કોઇ નાના કુટુંબની સાથે આનંદ ના મેળામાં ગયા, ત્યાં શિવ ની પૂજા થાય છે.

ઉજાસ ઓછો થયે એ બે છોકરાઓ ઘેર પાછા વળતા હતા ત્યારે ટોળામાં બંને છુટા પડી ગયા, એ વેળા ખુબ ઝડપથી દોડતી એક ગાડી આવી રહી હતી, નરેનને હતું કે પેલો છોકરો પોતાની પાછળ છે એટલે ગાડીનો અવાજ સાંભળી એમણે પોતાની પાછળ નજર કરી, પેલો છોકરો રસ્તાની બરાબર વચ્ચે ભયથી ખોડાઇ રહ્યો હતો. આ જોઇ નરેન્દ્ર ગભરાયા અને તે દોડ્યા અને તેને જમણાં હાથેથી તેને પકડી લગભગ ઘોડાની ખરી નીચેથી તેને ખેંચી પાડ્યો, આજુબાજુના લોકો આથી આશ્ચર્ય ચકિત થઇ ગયા, કોઇએ નરેનને શાબડ્યો તો કોઇએ આશીર્વાદ આપ્યા, ઘેર પહોચ્યા પછી એના માએ આ વાત સાંભળી ત્યારે એમની આંખમાં આંસું આવી ગયા અને બોલ્યા: મરદ થાજે બેટા!!!...

# ઉંમરના પાછલા પડાવનો સંદેશ

- વીનેશ અંતાણી

વૃદ્ધાવસ્થામાં કેવી ખુમારીથી જીવવું જોઇએ એનો જવાબ અમેરિકાની કવિયત્રી પેટ્રિકા એ, ફ્લેમિન્ગના કાવ્ય 'હું હજી અહીં છું' માથી મળે છે. કહે છે : મારા દેખાવમાં કશું ખાસ રહ્યું નથી, ચહેરા પર ઉંમર દેખાય છે. શરીર ઘસાઇ ગયું છે અને પહેલાં જેવી શક્તિ રહી નથી. સ્મૃતિ દગો આપવઆ લાગી છે. ભૂલી જાઉં છું કે રોજ વપરાશની મારી ચીજો ક્યાં મૂકી છે. મારે શું કરવાનું એ વાત મારા મગજમાંથી નીકળી જાય છે. હું અરીસામાં જોવાનું ટાળું છું કારણ કે આ ઉંમરે ઘણું જોવાનુ ટાળવું પડે છે. ક્યારેક અરીસા પર નજર પડે તો હું મને જ ઓળખી શક્તી નથી. એક સમયે સહેલાઇથી કરી શક્તી એ કામ કરવા જાઉં તો મારા શરીરમાં અસહ્ય દુખાવો થાય છે. ક્યારેક હું મને મારા યુવાનીના સમય સાથે સરખાવું ત્યારે મને ખબર હોય છે કે હું સમય વેડફી રહી છું. હું મારી પોતાની જ ગેરહાજરીનો અનુભવ કરું છું. આ ઉંમરે લોકો મારી જીર્ણશીર્ણ થયેલા શરીર પર ધ્યાન આપે છે પરંતુ એમને એ નથી દેખાતું કે એની નીચે હું અગાઉ જેવી જ વ્યક્તિ છું. મારું હૃદય હજી ભરપૂર પ્રેમ, છલોછલ આનંદ અને સંવેદનાથી ભર્યું છે. હું વૃદ્ધ થઇ ગઇ છું, એકલું લાગે છે અને સ્થગિત થઇ ગઇ છું. એ જ કારણે હું ભૂતકાળની કડવી બાબતો ભૂલી લોકોને માફ કરવા માગું છું. ઘણા લોકોની નજરે હું બેડોળ અને વૃદ્ધ હોઇશ, એમના માટે મારું કોઇ અસ્તિત્વ રહ્યું નહી હોય, પરંતુ હું મારા આંતરિક સૌંદર્યથી સભાન છું. કોઇએ મારું મૂલ્ય ઓછું આંકવું જોઇએ નહીં. મારામાં અગાઉ જેવી શક્તિ રહી નથી કે હું સુંદર રહી નથી એ વાત સાચી, છતાં હું જીવવા માગું છું. હું જાણું છું કે મારા જેવી અન્ય વ્યક્તિ આ દુનિયામાં નથી, હું આપી શકું એટલું કોઇ આપી શકે તેમ નથી.

પેટ્રિક ફ્લેમિન્ગનાં ઘણાં કાવ્યોમાંથી પ્રેરણાત્મક સંદેશ મળે છે. એમણે એક કવિતામાં જીવનને પૂરું જાણ્યા વિના બારોબાર જીવી જતા લોકોની વાત પોતાના ઉદાહરણથી કરી છે: હું હંમેશાં જિંદગીને બાજુમાં રાખીને જીવી. હવે એટલી હદે થાકી ગઇ છું કે એમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન પણ કરી શક્તી નથી. હું જિંદગી સાથે ઓતપ્રોત થઇને જીવતા લોકોને ઇર્ષ્યાથી જોયા કરતી રહી અને દુનિયાથી સંતાઇને નાસી છૂટવાના માર્ગ શોધતી રહી. હું બીજા લોકોને મદદ કરવા માગતી હોઉં એવા ભ્રમમાં જીવી. ખરેખર તો એ સાચા અર્થમાં જિંદગી ન જીવવાનું એક બહાનું હતું. આપણે ભૂતકાળના જખમોને જ યાદ કર્યા કરીશું તો એમાં જ આખું જીવન ખરચાઇ જશે. આપણે કશુંક પણ સારું કામ કરવા માગતાં હોઇએ તો સૌ પ્રથમ એકબીજાને ચોટ પહોંચાડવાનું બંધ કરીએ. પાછલી ઉંમરે મને સમજાયું છે કે મેં જીવનમાં માત્ર ટકી રહેવાના જ પ્રયત્ન કર્યા. હવે મારી જાતનો સામનો કરવાનો સમય આવી ગયો છે ત્યારે હું મારા ભૂતકાળની બધી કડવી યાદો ભૂલી જાઉં, મને થયેલાં જખમોને મારાં આંસુઓથી ધોઇ નાખું. તો જ હું મારી બાકી રહેલી જિંદગીને બચાવી શકીશ.

જીવનનો અંતિમ પડાવ સ્મશાનનો અને કબ્રસ્તાનનો હોય છે. પેટ્રિકા ફ્લેમિન્ગની એક કવિતા કબ્રસ્તાનની મુલાકાત વિશેની છે. એક વહેલી સવારે ચાલતાં ચાલતાં એ કબ્રસ્તાનમાં પહોંચી ગયાં. ધૂંધળી સવારે એ કબરોની વચ્ચે ઊભાં હતાં. જૂની કબરોના પથ્થર ઘસાઇ ગયા હતા અને એના પર ઘાસ ઊગી આવ્યું હતું. દરેક કબર એકલી હતી. પક્ષીઓ કલરવ કરતાં હતાં અને ત્યાં પોઢેલા લોકોના આત્માને અંજલિ આપતાં હતાં. વર્ષો જૂનાં ઊંચા વૃક્ષો ચોકીદારની જેમ ઊભાં હતાં. એ વૃક્ષોએ કબરમાં ઉતારવામાં આવેલા લોકો અને પાછળ રહી ગયેલાં એમનાં સ્નેહીજનોને આંસુ સારતાં જોયાં છે. કબ્રસ્તાનના દરવાજાની બહાર જીવન એની રફતારમાં વહેતું હતું અને અહીં ઠંડી શાંતિ છવાયેલી હતી. દરેક કબરની નીચે વીતેલા જીવનની એક આખી વાર્તા દટાયેલી પડી હતી. એ જવા માટે કબ્રસ્તાનના દરવાજા પાસે પહોંચ્યા ત્યારે આકાશમાંથી ધીમી ધારે વરસાદ વરસવા લાગ્યો. અચાનક એમને લાગ્યું કે કોઇ કોમળ અવાજ એમને 'આવજો' કહી રહ્યો છે.

એમણે પોતાની માતાની સ્મૃતિમાં એક કાવ્ય લખ્યું છે. જેમાં ભારોભાર પસ્તાવાનો ભાવ છે. એ કાવ્ય સંક્ષેપમાં: 'મા, તું ગઇ પછીનાં વર્ષોમાં હું ઘણું શીખી છું. એ વિશે તને કહેવા માંગું છું, પણ શરૂઆત ક્યાંથી કરું તે સમજાતું નથી. હવે આ ઉંમરે તેં તારી જિંદગીના અનુભવોના આધારે મને આપેલી સલાહના શબ્દો મારા કાનમાં ગૂંજે છે. તે મુશ્કેલ જિંદગીનો સામનો કરવા મને તૈયાર કરવા ઘણા પ્રયત્ન કર્યા, પરંતુ તે સમયે મેં ધ્યાન આપ્યું નહી. હું માનતી રહી કે તું હંમેશાં મારી પાસે જ હશે. તું તારાં સુખનો વિચાર કર્યા વિના મને બધું આપતી રહી. હવે સમજાય છે કે મા એનાં સંતાનોને બધું આપી દેવાની કોશિશમાં પોતે અંદરથી ખાલી થતી જાય છે. હું એક વાર તને જોઇ શકું તો કહેવા માગું છું કે તું મારે માટે શું છે.'

# એપ્રિલ માસના મુખપત્રના "સૌજન્ય દાતા"
## જીવ્યા થોડું, જીતી ગયા ઘણું



શ્રી ચુનીલાલભાઈ ગોપાલજી વસા

શ્રી ચુનીલાલભાઈનો જન્મ મજેવડી મુકામે સં.૧૯૭૪ના ભાદરવા વદી-૨ને સોમવાર તા.૯-૮-૧૯૧૮ના રોજ થયો હતો. બચપન વતન મજેવડીમાં જ વિતાવ્યું. સં.૧૯૯૪ના વૈશાખ વદ-૧૩ને શુક્રવાર તા.૨૭-૫-૧૯૩૮ના રોજ ૨૦ વર્ષની ઉંમરે મુંબઈ કમાવા આવ્યા. શરૂઆતમાં મુંબઈના શાપરીયા ડોકમાં નોકરી કરી. પણ મનમાં નિશ્ચય કર્યો હતો કે પોતાનો સ્વતંત્ર ધંધો કરી જીવનમાં આગળ વધવું. પોતાની આગવી કુશળતા, સાહસ અને બુદ્ધિશક્તિથી સૌ પ્રથમ મલાડમાં એક નાનું એવું લેથ મશીન બનાવવાનું કારખાનું શરૂ કર્યું. ત્યારબાદ અપ્રતિમ સફળતા હાંસલ કરીને કાંદિવલી (વેસ્ટ)માં જમીનનો પ્લોટ લઈને જાત-મહેનતથી દવાની ગોળીને સ્ટ્રીપમાં પેકીંગ કરવાના અતિ આધુનીક ઓટોમેટીક મશીન બનાવવાનું ચાર માળની ફેક્ટરી બનાવી જેનું તેને મે.જેમકો ચક્ર મેન્યુ. વર્કસ નામ આપ્યું હતું.

ચુનીલાલભાઈના લગ્ન સં.૨૦૦૧ના મહાસુદ ૧૦ના તા.૨૩-૧-૧૯૪૫ના રોજ મોટી મારડ નિવાસી શ્રી કાનજી નેમચંદ શાહની સુપુત્રી નિર્મળાબેન સાથે મોટી મારડ મુકામે થયેલ હતાં. તેમના ધર્મપત્નીનો જીવનમાં ૬૮ વર્ષનો સાથ રહ્યો હતો. પરિવારમાં ત્રણ દીકરાઓ અને છ દીકરીઓ. તેમના બીજા નંબરના દીકરી વર્ષાબહેન ઉપર તેમને બહુ હેત અને પ્રેમ હતાં એટલે તેઓ તેમને "ભગવાન" કહેતા. અને આ ભગવાન જ તેમની જીવન પર્યંત સેવા ચાકરી કરેલ હતી.

ચુનીલાલભાઈ તા.૧૭-૪-૨૦૧૩ના રોજ વિલે પારલે (ઈ) ખાતે અરિહંત શરણ પામ્યા. તેમની યાદમાં તેમની સુપુત્રી વર્ષાબેને પુણ્યના ઘણાં શુભ કાર્યો કર્યા. ભાવનગરના પાંજરાપોળમાં ગાયોનો વાડો બંધાવ્યો અને ત્યાં પાણીનો પંપ અને મોટર મુકાવી ચોખ્ખા પાણીનું પરબ બંધાવ્યું. ભાવનગરની ગાયત્રી સોસાયટીના દેરાસરમાં સોનેરી શત્રુંજય તીર્થનો પટ અને જૂનાગઢ ગીરના નેમિનાથદાદાનો પટ બનાવડાવી પ્રતિષ્ઠા કરેલ છે. રાજકોટની શેઠ શ્રી દેવકરણ મૂળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડિંગ્સમાં તક્તીઓ મુકાવવા માટે યોગદાન આપેલ છે. શ્રી શુભેચ્છક મિત્ર મંડળ - મુંબઈમાં રૂા.ત્રણ લાખનું યોગદાન અનાજ વિતરણ યોજનામાં આપેલ છે. ચૈત્ર સુદ-૭ના વાપીની બાજુના ૨૨ ઘરના ગામને દત્તક લીધેલ છે. આ રીતે તેમના સ્મરણાર્થે તેમના પરિવારને પ્રેરણા મળતી જ રહે.

તેમના સમગ્ર પરિવાર તરફથી પ્રાર્થના


દેહનો વિલય થાય છે પરંતુ આત્માનો વિલય થતો નથી. અમારા હૃદયમાંથી આપની સ્મૃતિનો ક્યારેય વિલય થશે નહીં. આપે વિદાય લીધી, સંકેલી લીધી માયા, મહેનત કરી કમાયા, કુટુંબના વડીલ તમે, ગુમાવી અમે છત્ર છાયા. કાળે જુદા પાડ્યા ભલે પણ હૃદયે રહેશો સમાયા, એક પણ દિવસ એવો પસાર નથી થયો કે પૂજ્યશ્રી આપની યાદ ન આવી હોય.

વહી જતાં સમયના વહેણમાં એક એક પળ યાદ કરતાં આપની વસમી વિદાયને આજે બે વર્ષ વિતિ ગયા છતાં આપની સ્નેહભરી સ્મૃતિઓ અને સુસ્મરણો થકી યશસ્વી જીવનની યાદગાર પળો ક્ષણભર પણ ભુલાતી નથી. નથી થતો હજી પણ આ હૃદયને વિશ્વાસ કે તમે ઘરના ખૂણે ખૂણામાં તમારી સુવાસ, હજી થાય છે હરપળ તમારો આભાસ રહેશે તમે સદા અમારી સાથ.


જીવ્યા થોડું જીતી ગયા ઘણું, ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે. નહોતી ખબર કે આટલું વહેલું તમારે જવાનું છે, પણ આપ ગયા તે રીતે કોઈ જતુ નથી. અમારા મસ્તક પર રાખજો સદા તમારો હાથ સહ નતમસ્તકે શ્રદ્ધા સુમન આપને યાદ કરનાર પરિવારજનો :

જીવન સંગીની નિર્મળાબેન ચુનીલાલ વસા, પુત્રો-પુત્રવધુઓ, દીકરીઓ-જમાઈઓ, હ. : વર્ષાબેન ચુનીલાલ વસા.

ચુનીલાલભાઈ તેમના પરિવારની ઉત્કૃષ્ટ સેવા બદલ તેમનું જીવન તેમના પરિવાર માટે દિવાદાંડી સમ બની રહેશે તેમજ શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ - મુંબઈ તેમના પરિવારજનોના જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભ-ભાવના.



**શ્રી મયુરભાઈ નગીનદાસ મહેતા**



**શ્રી કમલભાઈ કાંતિલાલ દોશી**


માનનીય સભ્યશ્રી,

સામાન્ય રીતે સમાજના પ્રમુખને મુખપત્રમાં કંઇક લખવાના અવસર બહુ ઓછા આવતા હોય છે કારણકે એમને જે કોઇ જાણકારી કે સૂચનાઓ આપવાની હોય તો તે તંત્રીલેખ અથવા સંસ્થા સમાચાર હેઠળ આવરી લેવામાં આવે છે. પરંતુ આજે અમુક કારણોસર આપની સમક્ષ મુખપત્ર દ્વારા આવ્યો છું.

છેલ્લા એક મહિનામાં સમાજે બે અત્યંત યુવાન અને સંનિષ્ટ કાર્યકરો ગુમાવ્યા છે. ૧૪મી ફેબ્રુઆરીએ સમાજના ભૂતપૂર્વ મંત્રી શ્રી મયુરભાઈ નગીનદાસ મહેતાએ ફક્ત ૬૩ વર્ષની વયે સંસારથી અચાનક વિદાય લીધી. એક ધર્મપ્રિય, કર્મઠ અને પરમાર્થ માટે હંમેશા તત્પર એવા શ્રી મયુરભાઈની વિદાયથી સમાજને મોટી ખોટ પડી છે. એવીજ રીતે સમાજના બીજા યુવા કાર્યકર શ્રી કમલભાઈ દોશી જેઓ સમાજની કારોબારીના સભ્ય હતા તેઓ ૮મી માર્ચના આ દુનિયા છોડીને ચાલ્યા ગયા. સમાજની કારોબારીની બેઠકમાં હંમેશા પોતાના સૂચનો તથા વિચારોથી સક્રિય એવા શ્રી કમલભાઈ ફક્ત ૫૩ વર્ષની યુવાન વયે અવસાન પામ્યા. મુખ પર મલકતું મંદ મંદ સ્મિત એમના વ્યક્તિત્વની ખાસિયત હતી. ભાઈબીજના સુવર્ણ જયંતિની ઉજવણી તથા રાસ ગરબાના સફળ આયોજનના તેઓ સારથી હતા.

આવા યુવાન અને સંનિષ્ઠ કાર્યકરોની અણધારી વિદાયથી સમાજ ઊંડા આઘાતની લાગણી અનુભવે છે.


પરમકૃપાળુ પરમાત્મા બન્ને દિવંગત આત્માને પરમ શાંતિ આપે અને તેમના સ્નેહીજનો અને પરિવારજનો ને આ દુ:ખ સહન કરવાની શક્તિ આપે એજ અભ્યર્થના.



શ્રી જયેશભાઈ એસ. વસા

મુખપત્ર બાબત થોડી જાણકારી આપવાની છે. આપ જોશો તો ખ્યાલ આવશે કે મુખપત્રની નિયમિતતા, લેખો તથા રંગરૂપમાં ઘણોજ સુધારો થયો છે. રજીસ્ટ્રેશન બાબત જે ગૂંચ હતી તેનું પણ સમાધાન થઇ ગયું છે. આ જે પણ બદલાવ જોવા મળી રહ્યો છે. તે માટે કારોબારીના સભ્ય શ્રી જયેશભાઈ એસ વસા અત્યંત અભિનંદનને પાત્ર છે. નવેમ્બર ૨૦૨૨માં કારોબારીની એક બેઠકમાં જયેશભાઈએ સ્વયં તંત્રી શ્રી રાજેન્દ્રભાઈ પુનાતર સાથે કામ કરવાની ઇચ્છા વ્યકત કરી. તે વખતે આર.એન.આઇ. નું લાયસન્સ રદ થઇ ગયું હતું તેને ફરીથી રીન્યુ કરવા માટે મુખપત્ર ના માજી તંત્રી શ્રીમતી કીર્તિબેન મયુરભાઈ મહેતાનો સાથ લીધો. કીર્તિબેન ખુદ મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર રહી આ પ્રક્રિયાને સરળ કરવામાં ખુબજ મદદ કરી તે બદલ સમાજ તેમનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરે છે. ફળ સ્વરૂપે જાન્યુઆરી ૨૦૨૩ થી પોસ્ટના ૭ રૂપિયાને બદલે ૨ રૂપિયાનો ખર્ચ થયો. દરમ્યાન જયેશભાઈ નવા નવા પ્રીન્ટરોની મુલાકાત લઇ સરસ, સુંદર અને વ્યાજબી દરે મુખપત્ર છપાય તે માટે સતત પ્રયત્નશીલ રહ્યા અને પરિણામ રૂપે આજે આપણાને આંખને ઉડીને વળગે એવું સુંદર મુખપત્ર વાંચવા મળી રહ્યું છે. લાયસન્સની પ્રક્રિયા પણ ચાલુ જ હતી અને આખરે ફેબ્રુઆરી ૨૦૨૪માં આર.એન.આઇ. લાયસન્સ રીન્યુ થઇ ગયું. મુખપત્રના પોસ્ટની કિંમત ૨ રૂપિયાથી ઘટીને ૫૦ પૈસા થઇ ગઇ.

જયેશભાઈએ મુખપત્રમાં લેખો લખીને મોકલવા માટે ભૂતપૂર્વ તંત્રીઓ તથા સભ્યોને વ્યક્તિગત ફોન કરીને આમંત્રણ પાઠવ્યું. શ્રદ્ધાંજલિના લખાણના પ્રુફ પરિવારને મોકલીને કોઇ ભૂલ ના થાય તેની ખાસ તકેદારી લે છે. ખરું કહું તો જયેશભાઈ મુખપત્ર બાબત ખુબજ ચીવટ અને ચોકસાઇ રાખે છે જેના કારણે કાના માત્રાની ભૂલોને જૂજ અવકાશ રહે છે. તંત્રીશ્રી રાજેન્દ્રભાઈ પુનાતર સાથે ખભે ખભા મિલાવીને સમયની પરવા કર્યા વગર દરેકને સમયસર મુખપત્ર મળી રહે તે માટે ચીવટ રાખીને તનતોડ મહેનત કરતા શ્રી જયેશભાઈનો અંતરથી આભાર અને ભવિષ્યમાં પણ સમાજનું કામ કરતા રહેવાની શુભેચ્છા.



શ્રી પ્રવિણચંદ્ર સી. વોરા

સો.વિ.જૈન સમાજ ટ્રસ્ટ મુંબઈની સ્થાપના થઇ ત્યારે ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન શ્રી ચેરીટી કમિશ્નરની ઓફિસમાં એ સમયે કરાવેલ એ પછી સમયાનુસાર ઘણી કારોબારી સમિતિએ કારોબાર તો સંભાળેલ પરંતુ ચેન્જ રિપોર્ટ અપડેટ કરાવેલ નહોતા. ૨૦૨૧ ડિસેમ્બરમાં આપની આ નવી સમિતિએ કાર્યભાર સંભાળેલ અને ત્યારબાદ ૪/૫ મહિના પછી શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા આપણા સમાજની સમિતિના કો.ઓપ્ટ સભ્ય એ અવસાન પામેલા ટ્રસ્ટીઓના મૃત્યુનોંધણી ના પ્રમાણપત્રો તથા ભૂતપૂર્વ પ્રમુખ સાહેબોના આધાર કાર્ડ અને પેન કાર્ડ પ્રાપ્ત કરીને ચેન્જ રિપોર્ટ પી.ટી.આર. વકિલની સલાહ સૂચના પ્રમાણે બનાવીને ચેરીટી કમિશ્નરની ઓફિસમાં સબમીટ કરાવીને, ત્રણ સુનાવણીમાં હાજર રહીને તે કાર્યવાહી પૂર્ણ કરાવીને ટ્રસ્ટ તરીકેની કાર્યવાહી પૂર્ણ કરાવેલ છે અને તે વિષયનો પ્રમાણીત રિપોર્ટ થોડા જ સમયમાં આપણા હાથમાં આવી જશે. આ કાર્યમાં તેમને લીગલ સબ કમિટીના સભ્યોનો પૂરો સાથ અને સહકાર મળ્યો છે માટે કારોબારી સમિતિની સબ કમિટિના સભ્યોની મહેનત અભિનંદનીય છે.

દરેક સભ્યને વ્યક્તિગત અપીલ છે કે મુખપત્રમાં આપના વ્યવસાયની જાહેરાત આપો જેથી તે પગભર થઇ શકે. બીજું, પ્રસંગોપાત સમાજ તથા મુખપત્રને ભેટ આપવા નમ્ર વિનંતી.

મુખપત્રમાં નવી કોલમ 'પત્રમ પુષ્પમ' દ્વારા સમાજની કારોબારીની કાર્ય ક્ષમતા બાબત આપના સૂચનો જણાવવા વિનંતી. લેખની વૃત્તિમાં રસ ધરાવતી દરેક વ્યક્તિને સારા લેખો લખી મોકલવા વિનંતી.

- કિરીટ પ્રભુલાલ મહેતા (પ્રમુખ-સમાજ સેવક)

# ભાવભરી શ્રદ્ધાંજલી



જન્મ તારીખ :
૧૨-૦૩-૧૯૪૯

અરીહંત શરણ તારીખ :
૦૯-૦૩-૨૦૨૪

## સ્વ. હેમાબેન (હસુમતીબેન) નવીનચંદ્ર દોશી

જીવનમાં સુવાસ, પ્રભુમાં વિશ્વાસ
આંખમાં અમી, દરિયા જેવું દિલ,
મીઠી વાણી અને સનેહની સરવાણી,
અમારા ઘરની શાન, શોભા અને શોહરત,
એટલે અમારા પ્રિય સ્વ. હેમાબેન (હસુમતીબેન),
પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે
એજ અમારી ભાવભરી શ્રદ્ધાંજલિ

### આપના પ્રિય જનો

શ્રી નવીનચંદ્ર રમણીકલાલ દોશી પરિવાર
શ્રી નરોત્તમદાસ જીવનલાલ વોરા પરિવાર
સ્વ. ધીરુભાઈ - સ્વ. પુષ્પાબેન
ડો. ભુપેન્દ્રભાઈ - ડો. શોભનાબેન
શ્રી ચંદ્રકાન્તભાઈ - શ્રીમતી મધુબેન
સ્વ. તારાબેન - સ્વ. રમણીકલાલ
સ્વ. રસીલાબેન - સ્વ. ચંદુલાલ
સ્વ. રમાબેન - શ્રી પ્રફુલભાઈ

# વ્યક્તિના વિકાસ માટે પરિસ્થિતિ, જાતિ, જ્ઞાતિ મહત્વના નથી

- અશોક પટેલ (વાસણા-અમદાવાદ)

વ્યક્તિના મુખ્યત્વે બે પ્રકાર પાડી શકાય. પ્રથમ એવું વ્યક્તિત્વ કે જે પરિસ્થિતિને અનુકૂળ થઇને જીવે. જ્યારે બીજું વ્યક્તિત્વ એવું છે કે જે પરિસ્થિતિને પોતાને અનુકૂળ બનાવીને જીવે. પ્રથમ પ્રકારના વ્યક્તિત્વને સંઘર્ષનો સામનો ખૂબ જ ઓછો કરવો પડે છે. જ્યારે બીજા પ્રકારના વ્યક્તિત્વએ સતત સંઘર્ષમાં જીવવું પડે છે. આવું વ્યક્તિત્વ ધરાવનારની નોંધ સમાજે લેવી જ પડે છે. જે અન્ય વ્યક્તિઓ માટે આદર્શ બની રહે છે. જે અન્યને રાહ ચીંધે છે. જીવનમાં ચડતીપડતી આવે. જીવન એટલે જ સંઘર્ષ. અબ્દુલ કલામ સાહેબે સંઘર્ષમય જીવનને ધ્યાનમાં રાખીને એક સરસ વાત કરેલી કે, ઇશ્વરે આપણને ક્યારેય એવું વચન નથી આપ્યું કે, આકાશ હંમેશ માટે સ્વચ્છ રહેશે. આ ઉક્તિમાં મોટું ચિંતન સમાયેલ છે.

જીવનમાં વિકાસ કરવો હોય તો બે બાબતો કરવી જ પડે. પ્રથમ તો વધારાનું કામ કરો અને નવીનતાભર્યું કામ કરો. કામ કરવાની બાબતમાં બીજાથી અલગ પડો. બધાં કરતા હશે તેટલું જ આપણે કરીશું તો બીજાથી આપણે અલગ પડી નહી શકીએ. અને જ્યાં સુધી બીજાથી અલગ નહીં પડો ત્યાં સુધી લોકો તમારી નોંધ પણ નહિ લે. ઘેટાંના ટોળામાં એક ઘેટાંની નોંધ ના લેવાય, પણ જો વચ્ચે એક બકરી હોય તો તે અલગ તરી આવે છે. માટે તેની નોંધ લેવાય છે. સાથે આપણા કામમાં સતત નવીનતા લાવો. કામ પ્રત્યે નિષ્ઠા-તમન્ના આપણને નીચેથી ઉપર લઇ જાય છે. આવા જ એક વ્યક્તિત્વને હમણાં જ જૂનાગઢ જીલ્લામાં સાસણગીર ખાતે મળવાનું થયું.

સાસણગીરમાં જે વ્યક્તિત્વને મળ્યો તે રસીલા વાઢેર કે જે ગુજરાત અને ભારતમાં 'લાયન ક્વીન' તરીકે ઓળખાય છે. આ ૩૨ વર્ષની મહિલા જે આજના યુવાનો માટે આદર્શ અને રોલમોડલ બની શકે તેમ છે. આ મહિલાએ અત્યાર સુધીમાં ૨૦૦ થી વધુ સિંહોને અને દીપડા કે અન્ય ૧૦૦૦થી વધુ પ્રાણીઓને બચાવ્યા છે. જંગલમાં તેની કામગીરીની ચર્ચા પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયામાં થઇ ગઇ છે. પણ આજે એવી વાતની નોંધ લેવી છે કે. જેના વિષે સમાજ સાવ અજાણ છે. અને એ બાબતો જ યુવાપેઢી માટે આદર્શ બની શકશે.

રસીલાએ માત્ર એક વર્ષની ઉંમરે પિતાને ગુમાવ્યા હતા. ગામડામાં ઓબીસી વર્ગમાં મમ્મીએ બે પુત્રીઓ અને એક પુત્રનો મહામહેનતે ઉછેર કરેલો. આગળ જતાં એક બહેન પણ ગુમાવી. આજથી ત્રણ વર્ષ પૂર્વે લગ્ન થયા. થોડા જ મહિનામાં સસરાને પણ ગુમાવ્યા. આજેપણ રસીલા કહે છે કે, 'મારા જીવનમાં પપ્પાનું સુખ કેમ નહિ હોય ?' રસીલાની નાનપણથી ઇચ્છા ખાખી યુનિફાર્મ વાળી નોકરી કરવાની અને એક શિક્ષક સાથે લગ્ન કરીને બાઇક પાછળ બેસવાની હતી. તેણે સૌ પ્રથમ એસ.આર.પી. માં નોકરી સ્વીકારી. બે માસ પછી ફોરેસ્ટમાં ગાર્ડ તરીકેની નોકરી મળી. ત્યારબાદ વનિવભાગમાં જ ફોરેસ્ટરની પરીક્ષા પાસ કરી આમ એક પછી એક ડગલું તે ઉપર ચડતી ગઇ. તેણે જ્યારે ફોરેસ્ટની નોકરી સ્વીકારી ત્યારે ઘણાં લોકો કહેતા કે, આ સ્ત્રી સિંહ-દીપડા સામે કેવી રીતે ઊભી રહી શકશે ? તે પુરુષોની જેમ કામ નહિ કરી શકે. પણ તેણે હિંમત અને નિષ્ઠા બંને બતાવ્યાં. તેને શીખવાની તો એટલી લગન હતી કે, એકવાર દીપડાને બચાવવાની કામગીરી કરતી હતી. ત્યારે દીપડાએ તેને જમણા હાથના કાંડા પર બચકું ભર્યું. લગભગ પંદર ટાંકા આવ્યા. જેથી તે લખી શકતી ન હતી. તેણે ડાબા હાથે લખવાનું નક્કી કર્યું અને તે થોડા જ દિવસોમાં ડાબા હાથે શીખી ગઇ ! આ વાતનો ત્યારે ખ્યાલ આવ્યો કે, આ લેખકે તેને પોતાના અનુભવો લખવા માટે સૂચન કરેલ. તો તે બાજુના રૂમમાં જઇને એક નોટબુક લઇને આવી. તેણે લખેલ અનુભવો બતાવ્યા. તો આ લેખકે ખુશ થઇને તેના અક્ષરોના વખાણ કર્યા, ત્યારે તેણે ઉપરનો પ્રસંગ કહી બતાવ્યો. તે હિન્દી વિષય સાથે માત્ર સ્નાતક છે.

રસીલા અત્યારે ફોરસ્ટના ક્વાર્ટર્સમાં રહે છે. તેના ઘરમાં પ્રવેશ કરતાં સામે જ ખુલ્લું એક કબાટ મેડલ અને ટ્રોફીથી ભરેલું જોવા મળ્યું. પ્રથમ વિચાર એવો જ આવે કે, વનવિભાગની કામગીરી માટે તેને આ મેડલ કે ટ્રોફી મળેલ હશે. પણ નજીક જઇને જોતા જ આંખો પહોળી થઇ ગઇ. મેડલ અને ટ્રોફી હતાં વિવિધ રમતોનાં. જે રસીલાએ જીત્યા હતા. ટેબલ ટેનિસ, ચેસ, બેડમિન્ટન, કેરમ, હાફ મેરેથોન ! આપણા જેવા સામાન્ય માણસને આટલી રમતો રમતાં તો નથી જ આવડતી, પણ તેના નિયમો પણ આપણે જાણતા નથી. ત્યારે આ યુવતિ વનવિભાગમાં સિંહો, દીપડાઓ અને અન્ય પ્રાણીઓની બચાવની કામગીરી સાથે અન્ય ક્ષેત્રે પણ વિશિષ્ટ કામગીરી કરે છે. જે વધારાનું કામ છે. માટે જ તેની નોંધ સમાજે

લેવી પડે છે. સમાજના અન્ય વિશિષ્ટ વ્યક્તિઓ જેમ કે, સચિન તેન્ડુલકર, અમિતાભ બચ્ચન જેવી હસ્તીઓ પણ તેના ઘેર જઇને તેને મળી છે. તેના મતે સફળ બચાવગીરી એને કહેવાય કે, જેમાં પ્રાણી, વ્યક્તિ કે સ્ટાફને કોઇ ઇજા ન થાય. આ અંગે તેના અધિકારીએ હસતા હસતા તેને કહેલું કે, રસીલા તારા લગ્ન પ્રસંગે તું લગ્ન મંડપમાં બેઠી હોય અને જો દીપડાનું રેસ્ક્યુ કરવાનું આવે તો તું લગ્ન પછી કરે પણ રેસ્ક્યુ કરવા પહેલા પહોંચી જાય. આ બાબત કામ પ્રત્યેની નિષ્ઠા અને સમર્પણ સૂચવે છે. આ કાર્યમાં તેને તેના પતિ અને સાસુનો ખૂબ જ સહકાર મળે છે. જે બાબત સમાજનો નમૂનો પૂરો પડે છે કે ઘરની સ્ત્રીઓને આગળ લાવવામાં કુટુંબના સભ્યોના સહકારનું ખૂબ જ મહત્વ છે.

પુરુષો માટે તેનો સંદેશો છે કે, સ્ત્રી એ સ્ત્રી છે જ. તેને તક આપો. સ્ત્રીઓ આગળ આવે તો તેની ઇર્ષા ના કરો, સ્ત્રીઓને સંદેશો આપતાં કહે છે કે, સ્ત્રીઓએ મક્કમ રહેવું જોઇએ. સારુ કામ કરવામાં સો વિઘ્ન આવશે. કોઇ આપણી ઇર્ષા કરે તો તેનો અર્થ એવો કરવો કે આપણે કોઇ સારું અને વિશિષ્ટ કામ કરી રહ્યા છીએ યુવાનોને ભારપૂર્વક કહે છેકે, જંગલ બચાવો, વાઇલ્ડ લાઇફ બચાવો. નહિ તો આવનારી પેઢી તેને માત્ર ફોટામાં જ જોશે. તેના મતે માણસ જ ખરાબ છે. સિંહ રોયલ અને મર્યાદાવાળું પ્રાણી છે. પ્રાણી એના લક્ષણ કે ગુણ-અવગુણ પર જાય. સિંહ એ જંગલનો રાજા છે, આપણે ક્યારેય રાજા બનવાનો પ્રયત્ન ના કરવો જોઇએ. હા દીપડો એ બિલાડીની જેમ લુચ્ચું પ્રાણી છે. તેની પર ભરોસો ના કરાય. તેની ઇચ્છા છે કે, જીવનભર મૂંગા પ્રાણીઓની સેવા કરવી, પૈસા કરતાં પ્રાણીને મહત્વ આપવું.

રસીલા વાઢેર જેવી અનેક યુવતીઓ આજે ગુજરાત અને ભારતમાં છે. આ યુવતીઓ એવા ક્ષેત્રમાં કામ કરે છે કે જે ક્ષેત્રમાં કામ કરવું અગાઉ વિચારવામાં પણ નહોતું આવતું. પોલીસ, સૈન્ય અને વનવિભાગ જેવા અનેક પડકારભર્યા ક્ષેત્રોમાં યુવતીઓએ પોતાની નિષ્ઠા, ધગશ, બહાદુરી અને નાવીન્યભર્યા કામ દ્વારા આજની યુવાપેઢીને ઘણું શીખવાડ્યું છે. એક રસપ્રદ વાત કે ફોરેસ્ટમાં સ્ત્રીઓની ભરતી કરવાનો વિચાર ક્યાંથી આવ્યો? તો આજથી દસ-બાર વર્ષ પહેલાં એક સિંહને ઇજા કરવામાં આવેલ. જે ટુકડીમાં સ્ત્રીઓ પણ સામેલ હતી ત્યારે વિચાર આવેલો કે જો સ્ત્રીઓ સિંહને નુકશાન કરી શકે તો બચાવી પણ શકે. જે વિચારને કારણે વનવિભાગે યુવતીઓની ભરતી કરવાનું શરૂ કરેલુ. અંતે, વ્યક્તિના વિકાસ માટે પરિસ્થિતી, જાતિ, જ્ઞાતિ વગેરે એટલા મહત્વના નથી. જેટલા મહત્વના છે હિંમત, નિષ્ઠા, ધગશનું અને નાવીન્ય કામ કરવાની ઇચ્છા.

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મહિલા મંડળ - ઘાટકોપર

મંડળનો આ વર્ષનો દ્વિતીય કાર્યક્રમ સુર સંગીતના સથવારે મંગળવાર તા.૨૬.૦૩.૨૦૨૪ના રોજ હોટેલ ગુરુકૃપા ઘાટકોપર ખાતે યોજવામાં આવ્યો હતો. સંગીત એ ઇશ્વર દ્વારા મળેલ એક સુંદર ઉપહાર છે જેનો સહુ કોઇને અનુભવ છે. માનવીના અસ્ત,



વ્યસ્ત અને ત્રસ્ત જીવનમાં સંગીત એક એવું પરીબળ છે જે સહુને આનંદની અનુભૂતિ કરાવે છે. સંગીતના સથવારે લઇ જનાર હતા શ્રી રાજુભાઇ અને કાજલબેન. આ બન્નેની જુગલબંદીએ જૂના ફિલ્મી ગીતો, ગઝલો અને ગરબાઓ ગાઇને કાર્યક્રમને ચાર ચાંદ લગાવી



દીધા. સંગીત એક એવું માધ્યમ છે જે એક બીજાને હ્રદયથી જોડે છે. ગીતોની રમઝટથી બહેનો નાચી અને ઝૂમી ઉઠ્યા.

સોનામાં સુગંધ રૂપે મંડળના સભ્ય શ્રીમતી સુહાસબેન ચંદ્રકાંત વસાના



જન્મદિવસ નિમિત્તે તેમના સંતાનો તરફથી સરપ્રાઇઝ ગિફ્ટ તરીકે કેક મોકલી અને એ કેક કટીંગ કરીને સહુના મુખ મીઠા કરાવવામાં આવ્યા. આ કાર્યક્રમના સૌજન્ય દાતા શ્રીમતી જયશ્રી બેન ન્યાલચંદ મહેતા તથા શ્રીમતી ચંદ્રિકાબેન ભોગીલાલ મહેતા પરિવાર હતા. મંડળ વતી પ્રમુખ શ્રીમતી દર્શનાબેન પરિમલ ભીમાણીએ બંને દાતાઓનું ફૂલ આપીને અને દુપટ્ટો પહેરાવીને બહુમાન કર્યુ હતું.

અંતમાં ગરબાના તાલે સહુ કોઇ ખૂબ ઝૂમ્યા અને સ્વાદિષ્ટ ભોજન માણીને છૂટા પડ્યા અને જતાં જતાં કહેતા ગયા...

**चलते चलते मेरे ये गीत याद रखना,**

**कभी अलविदा ना कहेना, कभी अलविदा ना कहेना.**

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળ - મુંબઈ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય, ૨૦/૨૪ જૂની હનુમાન ગલી,
મગનજી વૃંદાવન પ્રિમાઈસીસ કો.ઓ.સોસાયટી લી., રૂમ નં. ૪૭, ત્રીજે માળે, મુંબઈ - ૪૦૦૦૦૨. ફોન: ૪૯૧૩૪૦૩૦



શેઠ શ્રી મનસુખલાલ
માણેકચંદ વોરા



શ્રીમતી કાન્તાબેન
મનસુખલાલ વોરા

**❖ રાહતદરે અનાજ વિતરણ યોજના ❖**

એપ્રીલ માસના અનાજ વિતરણમાં
ભાગ લેનાર ભાગ્યશાળીઓ

શેઠ શ્રી મનસુખલાલ
માણેકચંદ વોરા
**પરિવારના સૌજન્યથી**

---

**❖ મે માસના**
**અનાજ વિતરણમાં ભાગ લેનાર**
**ભાગ્યશાળીઓ ❖**

શેઠ શ્રી શાંતિલાલ કાલિદાસ શેઠ
**પરિવારના સૌજન્યથી**



શેઠ શ્રી શાંતિલાલ કાલિદાસ શેઠ



શ્રીમતી જશવંતીબેન શાંતિલાલ શેઠ

---



શેઠ શ્રી ચંદુલાલ જગજીવનદાસ શાહ



શ્રીમતી દયાબેન ચંદુલાલ શાહ

**❖ મે માસના**
**અનાજ વિતરણમાં ભાગ લેનાર**
**ભાગ્યશાળીઓ ❖**

શ્રી ચંદુલાલ જગજીવનદાસ શાહ
**પરિવારના સૌજન્યથી**

---

**❖ મસાલા વિતરણનાં**
**ભાગ્યશાળીઓ ❖**

શ્રી હરિલાલ ભુરાભાઈ ભીમાણી
**પરિવારના સૌજન્યથી**



શ્રી હરિલાલ ભુરાભાઈ ભીમાણી



શ્રીમતી કુસુમબેન હરિલાલ ભીમાણી

# તેરમી પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ



## સ્વ. અમીચંદભાઈ જીવનભાઈ વોરા

**જન્મ : તા.૩૧-૧-૧૯૨૯** **સ્વર્ગવાસ : તા.૨૧-૪-૨૦૧૧**

''તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા;
સુગંધ જેની ચો-તરફ મૂકતા ગયા''
સુખને છલકાવ્યું નહીં, દુ:ખને દેખાડયું નહીં,
જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભૂલાય નહીં.
સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે,
વસ્યા છો દૂર છતાં, કૃપા આપની વરસતી રહેશે.

**આપના પાવન આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમશાંતિ આપે તેમજ આપના આશીર્વાદ હંમેશ અમારી સાથે રહે તેવી અમારી અંત:કરણપૂર્વકની પ્રાર્થના...!!**

લિ.કંચનબેન અમીચંદભાઈ વોરા
સ્વ. સંજય અમીચંદભાઈ વોરા
સ્વ. પરેશ અમીચંદભાઈ વોરા

**શ્રી જીવનભાઈ લક્ષ્મીચંદ વોરા પરિવાર**

Kayami - April

# ટેકા

**- ગિરીશ ગણાત્રા**

નગરપંચાયતની મીટીંગ પૂરી કરી પોપટલાલ માસ્તર નીચે ઉતર્યા ત્યારે રમણ સામે મળ્યો. એને જોઇને પોપટલાલે પૂછ્યું -

અલ્યા રમણિયા, તું ક્યારે આવ્યો ?

આ એસટી સ્ટેન્ડથી ચાલ્યો જ આવું છું.

તું તો બપોરે આવવાનો હતો ને ?

આવવાનો હતો પણ કોઇએ કહ્યું કે, મ્યુનિ. બોર્ડમાં આજે ટેન્ડર ખૂલવાના છે એટલે વળી ત્યાં જઇ આવ્યો. પોપટકાકા, આપણું ટેન્ડર પાસ થઇ ગયું છે.

ખબર છે, ખબર છે, તયાં આપણો કનુ ખરો ને, એણે મને ફોનથી ખબર આપી દીધા હતા... અમદાવાદ આપણે ઘેર જઇ આવ્યો ?

જઇ આવ્યો.

બધા મજામાં ?

ઉપર ઉપરથી.

એટલે ?

એટલે એમ કે... તમે જરા નિરાંતે બેસો તો બધું કહું.

ખાસ કંઇ છે? નહિતર રાતે ઘરે આવ. ટેન્ડરનું પણ સમજી લઇએ. હું પંચાયત પ્રમુખને લઇને શાળામાં જઇ આવું. પછી રમણનો ખભો પકડી, પાસે ખેંચતા એના કાનમાં ધીરેથી બોલ્યા, આ આઠ ઓરડા અને કમ્પાઉન્ડમાં જિમ્નેશિયમ બાંધવાનું નક્કી થયું છે. પ્રમખ આપણા મિત્ર છે. એટલે આ કામ હાથ કરી લેવાનું છે. સમજ્યો ? એટલે અત્યારે એની સાથે જાઉં છું. ચાલ ત્યારે, રાતે મળ. જમી કરીને આવજે એટલે નિરાંતે બેસી શકાય.

પોપટલાલ માસ્તર ગામની શાળાના પીટી ટીચર હતા. છોકરાઓને કસરત કરાવવી, લેઝીમ-લાઠીના દાવ શીખવાડવા, કવાયત કરાવવી અને રમતો રમાડવી શાળામાં ચારેક વર્ષ નોકરી કરી હશે ત્યાં એને કોઇએ સલાહ આપી કે છોકરાઓને રમાડતા રમાડતાં જિંદગી નીકળી જશે. એમાં બે પાંદડે ન થવાય. તમારે તો ઘણાં ઘણાં કાર્યકરો, ધારાસભ્ય અને પાર્ટીના મોવડીઓ જોડે ઓળખાણ છે. આટલા વર્ષથી બધાના ચૂંટણી પ્રચારમાં ભાગ લો છો તો હવે એ ઓળખાણને વટાવો.

પોપટલાલને વિચાર કરતા એ વાત વાજબી લાગી. ધારાસભ્ય એના મિત્ર હતા. એ મિત્રે જ સલાહ આપી કે સરકારી કામકાજ હાથમાં ધરો. રસ્તા બાંધવા, પહોળા કરવા, એસટી સ્ટેન્ડના છાપરા ઊભા કરવા કે પછી ગટરકામ હાથ ધરો. તમને કોન્ટ્રેક્ટ અપાવી દઉં.

એક શુભ ઘડીએ પોપટલાલે નિશાળીની નોકરી છોડી, બાંધકામ વ્યવસાયમાં ઝંપલાવ્યું. એ વખતે એના ત્રણ છોકરા જગદીશ, હિતેશ અને અનિલ સ્કૂલમાં ભણતા હતા. ગામના ઉત્સાહી અને બાંધકામની થોડી જાણકારી ધરાવતા યુવાન રમણને પોતાનો સાથીદાર બનાવી કાચા રસ્તા પર મોરમ પાથરવાનું પહેલું કામ હસ્તગત કર્યું. બસ, એ કામનો આરંભ કર્યા પછી એણે ક્યારેય પાછું વાળીને જોયું નહોતું. પોપટલાલ માસ્ટર એક પછી એક સરકારી કામો હાથ કરતા ગયા. એના મોટા છોકરા જગદીશને એસએસસી પછી સિવિલ એન્જિનિયરની ડિપ્લોમા કરાવી ધંધામાં પોતાની સાથે ભેળવી દીધો.

સરકારી બાંધકામ કરતા કરતા પોપટલાલે અમદાવામાં એક સરસ મજાનો મોટો બંગલો પણ બાંધી લીધો. પોતાના ત્રણેય છોકરા પરણે પછી એક જ બંગલામાં સાથે રહે અને 'સંપ ત્યાં જંપ' ની કહેવતને યથાર્થ બનાવે એવી પોપટલાલની ગણતરી હતી. મૂળથી જ શિક્ષકનો વ્યવસાય અપનાવેલો એટલે કુટુંબભાવનાના આદર્શો એની રગેરગમાં વણાઇ ગયેલા. અત્યારે ભલે એ કોન્ટ્રેક્ટર હોય પણ એ ઓળખાતા પોપટલાલ માસ્તરના જ નામથી. એ નામથી એને ઓળખાવું ગમતું. આ માસ્તર શબ્દ એનો પ્રિય શબ્દ હતો.

બીજો દીકરો ગ્રેજ્યુએટ થયો ત્યારે એ પણ પિતાના વ્યવસાયમાં આવવા ઇચ્છતો હતો પણ પોપટલાલે એને સલાહ આપી - દિકરા, આખું કુટુંબ એક જ ધંધામાં ઘી-કેળા જેવો લાગે પણ કાલે મંદી આવે, નવા નવા હરીફો આવે કે સરકારમાં આપણા માણસો આપણા ન રહે ત્યારે માથે હાથ મૂકીને રોવાનો આરો આવે. તું બીજી કોઇ લાઇન પસંદ કર.

હિતેશ રેડીમેડ કાપડના ધંધામાં ઝંપલાવ્યું અને અનિલે વકીલાતના ધંધામાં. ત્રણેય પુત્રોને પરણાવી, અમદાવાદના બંગલામાં સૌના ઘરસંસાર વસાવી માસ્તર પાછા પોતાને ગામ આવ્યા. જિંદગીની એક મકસદ હતી તે પૂરી કરી લીધી. હવે એને લોકસેવા કરવી હતી. લોકસેવા સાથે થોડું નાનું-મોટું કામ પણ કરી લેવું. રમણ એની સાથે જોડાયેલો જ હતો ને !

રાત્રે રમણ ઘેર આવ્યો. એની સાથે ટેન્ડરની વાત કરી લીધી. જગદીશ અને રમણે સાથે મળીને ટેન્ડર મુજબનું કામ કરવું એવી ગોઠવણ કરી એણે પૂછ્યું. -

આપણા અમદાવાદના ઘરની શું વાત છે ? - તું કંઇક કહેતો હતો ?

કાકા, મારે તો જગદીશભાઈ જોડે કામ કરવાનું આવે એટલે હું ત્યાં ઘણી વખત આવ-જા કરું છું. એટલે એ ઘરની રેજરજની ખબર હોય પણ પરમ દિવસે રાત્રે તમારા ત્રણેય છોકરા જે બાઝ્યા છે, જે બાઝ્યા છે બાપ રે! કૂતરા-બિલાડાની જેમ ઝઘડતા હતા !

એટલું બધું? તારી સામે થયું?

ના રે ના. તમારી એ સોસાયટીમાં, તમારા બંગલાની બાજુના ઘરમાં મારો એક દોસ્ત ભાડે રહે છે. એણે આ બધું સાંભળ્યું. રમણે પોપટલાલ માસ્તરને એના દોસ્ત પાસેથી સાંભળેલી બધી ઝીણી ઝીણી વિગતો કહી અને ઉમેર્યું-

કાકા, તમે મહિને દોઢ મહિને ત્યાં જતા હશો અને બે-ત્રણ દિવસ રહેતા હશો એટલે તમારી દેખતા કોઇ બોલાચાલી થતી નહિ હોય...

છાને છાનો ગણભણ ચાલે છે એની મને ખબર છે પણ તારા દોસ્ત પાસેથી સાંભળેલી વાત તેં જે મને કહી એના પરથી લાગે છે કે અંદર જે કંઇ ભરેલું હશે તે બહાર નીકળ્યું લાગે છે.

હું તો કહું છું કાકા, કે આ ગામ લોકોની સેવા કરવાનું છોડી ઘર સંભાળો. આ પરમ દિવસે રાત્રે તમારા બંગલામાં જે બન્યું એ છાશવારે બનતું જ રહે છે. મારો દોસ્ત કહેતો હતો કે બધાય ભાઈઓ જે રીતે ઝઘડે છે એ જોઇને કહેવાનું મન થઇ જાય કે પ્રોપર્ટીનો ભાગ પાડી છૂટા રહેતા હો તો.

રમણ પાસેથી બધી વિગતો જાણી એણે પત્નીને કહ્યું -

શાંતા, કાલે બેગ ભરો. છોકરાઓ વચ્ચે રહેવા જવું પડશે.

હું તો કહું છું કે ત્રણેયને ભાગ આપી નોખા કરી નાખો. તમે તમારા ભાઈબંધો જોડે ત્રયા વર્ષે જાત્રાએ ગયા ત્યારે હું ત્યાં મહિનો રોકાયેલી. એ મહિનામાં મેં શું જોયુ ને સાંભળ્યું તે આજ દિ' મેં તમને નહોતું કહ્યું પણ આજે આ રમણિયો તમને જે કહી ગયો એ વાત સોળ આની સાચી સમજવી. બાઝતી વખતે માની શરમ પણ નહોતી નડતી એ રોયાઓને. ત્રણેય જણા એની એની વહુના થઇ ગયા છે - જાણે મારા પેટે જન્મ્યાનું ભુલી ગયા હોય એમ.

જો શાંતા, આપણી પાસે એટલી મૂડી નથી કે છોકરાઓને ભાગ આપી છૂટા કરી શકું. જે છે તે બંગલો વેચાય તો ત્રણેય જણા નોખા ઘર કરી શકે એટલું તો ન મળે

છોકરાઓની કંઇક બચત રહેશે ને?

ખાધેપીધે સુખી. બચતના નામનો અલ્લાયો. જે કમાય છે તે વાપરે છે. થોડું ઘણું બચાવતા હશે પણ એ બચત એને જુદા ફ્લેટ ન અપાવી શકે. ઠીક છે, ત્યાં ગયા પછી વાત.

બીજે દિવસે પોપટલાલ માસ્તર પત્ની સાથે છોકરાઓના ઘેર આવી ગયા.

પોપટલાલ માસ્તર જ્યારે અહીં રહેવા આવતા ત્યારે બંગલામાં એનો અલાયદો રૂમ હતો. એ ન હોય ત્યારે છોકરાઓ ત્યાં બેસી લેસન કરતા અથવા કોઇ મહેમાન આવે ત્યાં એને ત્યાં સુવડાવવામાં આવતા.

ઘરમાં પ્રવેશતાં જ પોપટલાલને ઘરનો રંગ પકડાઇ ગયો.

એ દિવસે રસોઇ કરવાનો વારો નાના પુત્ર અનિલની પત્ની અલકાનો હતો. અનિલને એ દિવસે કોર્ટમાં કેસ હોવાથી વહેલા ઘરથી નીકળવાનું હતું. પત્નીને આગલે દિવસે રાત્રે તાવ હતો એટલે સવારે એને સ્કૂટર પર બેસાડી ડોક્ટર પાસે લઇ ગયો. પાછા આવતા મોડું થયું પણ ત્યાં સુધીમાં રસોડામાં કોઇ ગયું જ નહોતું. આજથી દસ દિવસ માટે રસોઇ એણે કરવાની હતી. દોઢ ડિગ્રી તાવવાળી અલકાને આરામ કરવાની ડોક્ટરે સલાહ આપી હોવા છતાં એણે રસોઇ માંડવી પડી.

પોપટલાલે આની નોંધ લઇ પત્નીને રસોડામાં જવાનું કહ્યું.

એક અઠવાડિયું આ ઘરમાં રહ્યા પછી પોપટલાલે જે નીરખ્યું એનો નિચોડ એટલો જ કે ત્રણેય છોકરાઓની વહુઓ એના સંતાનોને લઇને પોતપોતાના રૂમમાં ભરાઇ જતી. બપોરે કોઇએ દરવાજો ખટખટાવ્યો હોય તો એ ઉઘાડવા કોઇ જતું નહી. જે ઉઘાડે તેણે મહેમાનને પાણીનો ગ્લાસ ધરવો પડે અને ચા પીવરાવવા જોગ હોય તો એણે ચા બનાવવી પડતી. બપોરની ચા સૌએ જાતે બનાવીને, રૂમમાં લઇ જઇને પીવાની. ત્રણેય પુત્રોના સંતાનો પણ મા-બાપનું જોઇને અંદરોઅંદર ઝઘડતા. એમના ઝઘડામાં વહુઓ પડે એટલે મત-મતાંતરનું મહાભારત થઇ જાય.

શું કરશો આ બધી બલાનું? રોજ ઊઠીને નાના મોટા ઝઘડા. આ ઘર છે કે લડાઇનું મેદાન?

તમે જોયે રાખો. મૂળ હું માસ્તર સો-દોઢસો છોકરાઓને લઇને ડ્રીલ કરાવતો, બધાને લાઇનસર ઊભા રખાવતો. એ સંસ્કાર હજુ સુધી ભૂલાયા નથી. જુઓને, હું શું કહું છું તે!

એક સવારે પોપટલાલ રસોઇ કરવા મહારાજને પકડી લાવ્યા અને ત્રણેય વહુઓને બોલાવીને કહ્યું -

આજથી આ મહારાજ આપણા ઘરમાં રહેશે. સવારે સાડા છએ દૂધ લઇ આવી સૌને માટે ચા બનાવવાથી માંડીને રસોઇનું સંભાળશે. શાકભાજી પણ એ જ લાવશે ને એ સમારશે. તમારે કોઇએ હવે ચા-પાણી નાસ્તાથી માંડી રસોઇની ચિંતા નહી કરવાની.

બીજે દિવસે એક નોકર બાઇ પકડી લાવ્યા. એને ઘરનું તમામ કામ સોંપી દીધું.

ત્રણેય વહુઓ સસરાજીની આ ચાલ સમજી શકી નહિ. એક દિવસ બપોરે સૌ સાથે મળીને સસરાજીના રૂમમાં ગઇ અને કહ્યું -

બાપુજી, અમારા હાથની રસોઇ તમને પસંદ નથી?

અરે વાહ! એ શું બોલ્યા? દુનિયાનો ક્યો સસરો એવો છે કે એને વહુના હાથની રસોઇ ન ભાવે?

તો પછી આ મહારાજને કેમ રાખ્યાં?

તમારી સૌની સુખાકારી માટે. પોપટલાલે ખાટ પરથી બેઠા થઇ તકિયાને ટેકે અઢેલીને બેઠા. આપણું આ સંયુક્ત કુટુંબ છે. બાર-પંદર માણસોની રસોઇ બનાવવાનું કોઇ એકને માથે આવે એ કેટલુ આકરૂં હોય એ રસોઇ કરનાર જાણે. વારો એ સારી વાત છે પણ

નાના કામનો વારો હોય, મોટા કામમાં તો સૌએ કામને બાટી લેવું પડે. તમારો એકનો વારો આવે ત્યારે રસોઇ બનાવવી વેઠ લાગે. હવે ત્રણેય છોકરા કમાય છે તો આ મહારાજ અને નોકરનો ખર્ચ ન વહેંચી શકાય? હું જેમ મજૂરો માથે સુપરવીઝન કરતો એમ તમારે દેખરેખ રાખવાની.

એ દિવસ ત્રણેય વહુઓને સંયુક્ત કુટુંબના પાઠ ભણાવ્યાં પછી એક રાત્રે ત્રણેય દીકરાઓને બેસાડીને કહ્યું -

આ તમારા અંદરોઅંદરના ઝઘડાની વાત ગામ સુધી પહોંચી ત્યારે મારે અહીં દોડી આવવું પડ્યું છે. આ પોપટલાલ ગામના છોકરાઓને શિસ્તના પાઠ ભણાવતો અને હવે એના જ ઘરમાં અશિસ્ત? તમે બધા એક વાત મારી પાસે શીખીલો. તમે ત્રણેય ભાઈઓ છો, એક જ માની કુખે જન્મ્યા છો એ વાત ભૂલી જાઓ છો...

આ તમે શુ બોલો છો, બાપુજી? જગદીશે આશ્ચર્ય વ્યક્ત કરતાં પૂછ્યું.

જુઓ ભાઈ, આ નવો જમાનો છે, તમે ત્રણેય એક જ ઘરમાં ઊછર્યા છો મોટા થયા છો, સાથે રમ્યા છો, જમ્યા છો. એક જ ભાણામાં વહેંચીને ખાધું છે, પણ તમારી વહુઓ જુદા જુદા ઘરમાંથી આવે છે. તમારી એ અર્ધાંગના છે. એ તમને સુવાંગ ગણે છે. આવે વખતે એક બીજો રસ્તો ક્યો અપનાવો.

આ ઘરને એક ભાગીદારી પેઢી સમજો. ભાગીદારી પેઢીનું એક લક્ષ્ય હોય છે - વધુ વકરો, વધુ નફો, આ ઘરને પણ લક્ષ્ય આપો - વધુ શાંતિ, વધુ સુખ, શાંતિ હશે તો સુખ મળશે. શાંતિ લાવવા માટે તમે સૌ બાંધછોડ કરતા શીખો. જેટલું છોડશો એટલું વધુ મેળવશો.

પોપટલાલ આ ઘરમાં છ મહિના રહ્યાં. એ છ મહિના દરમિયાન એકેય વખત પોતાને ગામ પણ ન ગયા. પોતાના કુટુંબને સંયુક્ત રાખવા એણે ત્રણેય દીકરાઓને એકબીજાના દોસ્ત બનાવ્યા. જગદીશ બધાથી મોટો હતો. એને શિખામણ આપી કે મોટપણાનું માન મેળવવું હોય તો તું બધાને માન આપ. તને તારું માન આપોઆપ મળશે.

એક દિવસે રમણે આવીને સમાચાર આપ્યા કે સરપંચ ખૂબ જ યાદ કરે છે. શાળાના આઠ ઓરડા બંધાયા નથી ને કોલેજ કેવી રીતે શરૂ થશે?

પોપટલાલે સંદેશો મોકલ્યો - મકાન તો રેતી-સિમેન્ટના ચણતર છે. એ બે-ચાર મહિનામાં ઊભા થઇ જાય પણ કાચી માટીના માનવીરૂપ ઇમારતને પડતા વાર લાગતી નથી. એને ક્યાં ટેકો આપવો? તમે ઓરડા બંધાવવાનું શરૂ કરો. અભિયો તમને મદદ કરશે. હવે હું ગામ પાછો ફરીશ ત્યારે કાચી માટીની કાયાને ક્યાં ટેકો આપવો એ લઇને પાછો ફરીશ. એવો ટેકો હવે હાથવેંતમા છે.

## Bio-Data

# Nisharg Sheth




**Name :** Nisharg Sheth
**Date of Birth :** 19-01-1993
**Place of Birth :** Surat, Gujarat, India
**Time of Birth :** 05.00 am
**Height :** 5' 5"
**Complexion :** Fair
**Education :** Bachelor of Commerce
**Profession :** Business
**Caste :** Sorath Vishashrimali Jain (Swetambar)
**Family Details (Surat)**
**Father :** Urvish Navnitlal Sheth
**Contact No :** 9979460007
**Firm :** Urvish Stores, Nanpura,
**Occupation :** Books and Stationery Traders
**Mother :** Kiran Urvish Sheth
**Occupation :** Housewife
**Elder Brother :** Bhavarth Urvish Sheth
**Occupation :** Relationship Manager - Head, IndusInd Bank
**Sister-in-law :** Kanika Bhavarth Sheth
**Occupation :** Educator
**Grand Father :** Late Navnitlal Nagardas Sheth (Moti Paneli)
**Grand Mother :** Late Lilamben Navnitlal Sheth
**Paternal Uncle :** Dipak Navnitlal Sheth
**Paternal Aunty :** Kalpna Dipak Sheth
**Sister :** Jil Dipak sheth
**Mosal Deatils (Kolkata)**
**Maternal Grandfather's Name :** Late Jethalal Vasa
**Maternal Uncle's Name :** Hasmukh Jethalal Vasa

# વર્તમાને અનિવાર્ય જરૂરિયાત - બાળકની યોગ્ય સારસંભાળ

પારૂલબેન ભરતકુમાર ગાંધી

એક શહેરની એક સોસાયટીમાં પ્રતીતિ પોતાના પતિ સાથે રહેતી હતી. તેમની બાજુમાં જ એક વડિલ વ્યક્તિ એકલા રહેતા હોવાથી બધા તેમને દાદાજી કહીને બોલાવતી હતા.

એકવાર સોસાયટીમાં એક માળી આવ્યો. જે પોતાની સાથે ઘણાં જુદી જુદી જાતના છોડવા લઇને આવ્યો હતો. ચોમાસાની ઋતુ હતી. ઘણા સુંદર છોડવા તે વહેચવા માટે લાવ્યો હતો. પ્રતીતિ અને દાદાજીએ બંનેએ એકસરખો દખાતો એક છોડ લીધો. બંનેએ તેને પોતાના ઘરના ક્યારામાં રોપી દીધો.

પ્રતીતિ છોડવાનું ખૂબ જ ધ્યાન રાખતી યોગ્ય સમયે પાણી, ખાતર, સૂર્યપ્રકાશ, વાડ અને પ્રેમભરી માવજતથી તે છોડ ખૂબ સુંદર રીતે મોટો થઇ ગયો, દેખાવમાં પણ ખૂબ સુંદર લાગતો હતો. જ્યારે દાદાજી છોડનું ધ્યાન રાખતા પણ ઠીક ઠીક. છોડ બરાબર ઊગે અને ટકી રહે તેટલું જ તેમના માટે મહત્વનું હતું. આથી તેમનો છોડ પણ ફાલ્યો ખરો પણ પ્રતીતિ જેવો નહિ.

